

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 221
Dt.: 23-04-2026,
Thursday
Page : 04
Rs.00.50 paisa


### સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ તેમના સત્તાવાર પ્રવાસે જર્મની પહોંચ્યા

## રાજનાથ સિંહે ભારતીય પ્રવાસી સમુદાયને ભારત અને જર્મની વચ્ચેનો "લિવિંગ બ્રિજ" ગણાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)બર્લિન

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ તેમના સત્તાવાર પ્રવાસે જર્મની પહોંચ્યા, જ્યાં તેમણે બર્લિનમાં ભારતીય સમુદાયના એક કાર્યક્રમને સંબોધિત કર્યો. આ દરમિયાન તેમણે ભારત-જર્મની સંબંધો, ભારતીય પ્રવાસી સમુદાયની ભૂમિકા, આર્થિક સહયોગ અને સાંસ્કૃતિક જોડાણ પર વિગતવાર વાત કરી.

સંબોધન દરમિયાન રાજનાથસિંહ અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ટ્રમ્પનો ઉલ્લેખ કરતાં બધા હસી પડ્યા હતા, જેના પર સંરક્ષણ મંત્રીએ કહ્યું કે મને એ નથી ખબર પડતી કે તમે કેમ હસી રહ્યા છો. સંરક્ષણ મંત્રીએ કાર્યક્રમ બાદ સોશિયલ મીડિયા પર કહ્યું કે બર્લિનમાં ભારતીય સમુદાયના સભ્યો સાથે વાતચીત કરીને તેમને ખૂબ જ આનંદ થયો. તેમણે ભારતીય પ્રવાસી સમુદાયને ભારત અને જર્મની વચ્ચેનો લિવિંગ બ્રિજ ગણાવ્યો અને કહ્યું કે તાજેતરના વર્ષોમાં આ સમુદાય એક મજબૂત શક્તિ તરીકે ઉભરી આવ્યો છે. તેમણે કહ્યું કે વાતચીત દરમિયાન તેમણે ભારતની ઝડપી આર્થિક પ્રગતિ અને તકનીકી વિકાસને રેખાંકિત કર્યો, જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્ટાર્ટઅપ્સ, અવકાશ અને ડિજિટલ ઈનોવેશન જેવા ક્ષેત્રો સામેલ છે.

કાર્યક્રમ દરમિયાન સંરક્ષણ મંત્રીએ હળવા અંદાજમાં કહ્યું કે આ તેમની જર્મનીની પ્રથમ મુલાકાત છે, જ્યારે તેઓ અમેરિકા સાત થી આઠ વાર જઈ ચુક્યા છે. તેમણે કહ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્ર પ્રમુખ બન્યા બાદ તેઓ બે વાર અમેરિકા ગયા છે. આ સાંભળી હાજર શ્રોતાઓ હસવા લાગતા તેમણે સ્મિત સાથે કહ્યું કે તેમને સમજાયું નથી કે લોકો શા માટે હસી રહ્યા છે, જ્યારે તેઓ તો દરેકને મળીને પ્રસન્ન છે.

પોતાના સંબોધનમાં સંરક્ષણ મંત્રીએ કહ્યું કે છેલ્લા સાત દાયકામાં ભારત અને જર્મનીના સંબંધો દરેક ક્ષેત્રમાં મજબૂત થયા છે. આજે જર્મની યુરોપમાં ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર બની ગયું છે. તેમણે કહ્યું કે ભારતમાં ૨,૦૦૦થી વધુ જર્મન કંપનીઓ સક્રિય છે અને જર્મનીની અગ્રણી કંપનીઓ ભારતના ઔદ્યોગિક વિકાસ અને મેક ઈન ઈન્ડિયા અભિયાનને ગતિ આપી રહી છે. બીજી તરફ, ઘણી ભારતીય કંપનીઓ પણ જર્મનીમાં પોતાની મજબૂત હાજરી નોંધાવી રહી છે. તેમણે કહ્યું કે ભારત અને જર્મનીના રાજકીય અને રાજદ્વારી સંબંધોના દ્વાર ભલે સરકારોના હાથમાં હોય, પરંતુ બંને દેશોના સંબંધોની અસલી મજબૂતી લોકોના પરસ્પર જોડાણથી નક્કી થાય છે.

તેમણે ભારતીય સમુદાયને કહ્યું કે આ પુલને મજબૂત બનાવવામાં તેમની ભૂમિકા અત્યંત મહત્વની છે. રાજનાથ સિંહે જણાવ્યું કે જર્મનીમાં ભારતીયોની સંખ્યા ૩.૭ લાખ છે અને તે સતત વધી રહી છે. તેમણે કહ્યું કે ભારતીય સમુદાયની સિદ્ધિઓ અને યોગદાનએ જર્મનીના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી છે.

સંરક્ષણ મંત્રીએ કહ્યું કે આ તેમની જર્મનીની પ્રથમ સત્તાવાર મુલાકાત છે અને તેઓ ત્યાંના સંરક્ષણ મંત્રીના આમંત્રણ પર પહોંચ્યા છે. તેમણે કહ્યું કે આ પોતાનામાં એક સિદ્ધિ છે કે સમયની સાથે ભારત અને જર્મનીના સંબંધો સતત મજબૂત થયા છે. તેમણે કહ્યું કે વર્ષ ૨૦૨૬ ભારત અને જર્મની માટે વિશેષ છે, કારણ કે આ વર્ષે બંને દેશોના ઔપચારિક રાજદ્વારી સંબંધોના ૭૫ વર્ષ પૂર્ણ થયા છે.

તેમણે ઉમેર્યું કે બંને દેશોના સંબંધો સંપૂર્ણપણે લોકશાહી મૂલ્યો પર આધારિત છે. રાજનાથ સિંહે પશ્ચિમ એશિયા સંકટ વચ્ચે વિદેશોમાં ફસાયેલા ભારતીય નાગરિકોની વાપસી અંગે કહ્યું કે સરકારે સ્વદેશ પરત ફરવા ઈચ્છતા લોકો માટે તમામ આવશ્યક વ્યવસ્થાઓ કરી છે. તેમણે કહ્યું કે લોકોને પાછા લાવવા માટે વિમાનોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે અને જરૂરિયાતમંદ ભારતીય નાગરિકો સંબંધિત ભારતીય દૂતાવાસોનો સંપર્ક કરી શકે છે. કોવિડ-૧૯ મહામારી દરમિયાન પણ સરકારે વિદેશોમાં ફસાયેલા ભારતીયોને સુરક્ષિત પાછા લાવવાનું કામ કર્યું હતું અને વર્તમાન સંકટમાં પણ સરકાર પૂરી રીતે સતર્ક છે. તેમણે કહ્યું કે જો કોઈ ભારતીયના જીવન પર સંકટ છે, તો તે ભારત પરત ફરી શકે છે. પશ્ચિમ એશિયાની વર્તમાન સ્થિતિ પર રાજનાથ સિંહે કહ્યું કે આ સંકટની ભારત પર સૌથી ઓછી અસર પડી છે. તેમણે કહ્યું કે ક્રૂડ ઓઈલ, ઊર્જા, LPG અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો દેશમાં પૂરતો ભંડાર ઉપલબ્ધ છે. વડાપ્રધાનના નિર્દેશ પર વરિષ્ઠ મંત્રીઓની એક સમિતિ બનાવવામાં આવી છે, જેની અધ્યક્ષતા તેઓ પોતે કરી રહ્યા છે. આ સમિતિ દર સપ્તાહે બેઠક કરી સ્થિતિની સમીક્ષા કરે છે. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે હાલમાં કોઈ વિશેષ સમસ્યા નથી અને સરકાર દરેક પરિસ્થિતિ પર નજર રાખી રહી છે.

**છેલ્લા સાત દાયકામાં ભારત-જર્મનીના સંબંધો દરેક ક્ષેત્રમાં મજબૂત થયા છે, આજે જર્મની યુરોપમાં ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર બની ગયું છેઃ સંરક્ષણ મંત્રી**



## ૧૫,૦૦૦ થી વધુના વ્યવહાર પર લાગુ થશે નવો નિયમ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જો તમે પણ ઓનલાઈન કે ડિજિટલ પેમેન્ટ કરતા હોવ, તો આ સમાચાર તમારા માટે ખૂબ જ અગત્યના છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ ૨૧ એપ્રિલના રોજ ડિજિટલ પેમેન્ટ અને ઈ-મેન્ડેટ (E-Mandate) ને લઈને નવી ગાઈડલાઈન જાહેર કરી છે.

આ નવા નિયમ મુજબ, હવે રૂ.૧૫,૦૦૦ કે તેથી વધુના ઓટોમેટિક કે રિકરિંગ પેમેન્ટ માટે એક વધારાનું ઓથેન્ટિકેશન (AFA - એક પ્રકારનું વેરિફિકેશન) કરવું ફરજિયાત બની ગયું છે. આ નિયમ ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ અને UPI દ્વારા થતા તમામ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પેમેન્ટ પર તાત્કાલિક અસરથી લાગુ કરી દેવામાં આવ્યો છે.

RBI ની આ નવી ગાઈડલાઈન મુજબ, જો તમારું કોઈ પેમેન્ટ રૂ.૧૫,૦૦૦ થી વધુ છે અને તે દર મહિને કે નક્કી કરેલા સમયે આપોઆપ કપાતું હોય (જેમ કે કોઈ સબસ્ક્રિપ્શન), તો તેના માટે તમારે એડિશનલ ઓથેન્ટિકેશન (AFA) એટલે કે OTP કે પિન નાખીને મંજૂરી આપવી પડશે.

આ ઉપરાંત, વીમાનું પ્રીમિયમ, મ્યુચ્યુઅલ ફંડના હપ્તા અને રૂ.૧ લાખથી વધુના ક્રેડિટ કાર્ડના બિલની ચુકવણી માટે પણ આ વધારાનું વેરિફિકેશન લેવલ જરૂરી બનશે. RBI એ સ્પષ્ટ કર્યું છે કે ઈ-મેન્ડેટની સુવિધા શરૂ કરવા માટે ગ્રાહકોએ એકવાર રજિસ્ટ્રેશન કરાવવું પડશે. બેંકની સામાન્ય પ્રોસેસ પૂરી થયા પછી, AFA (વધારાના પ્રમાણીકરણ પરિબળ) ની ચકાસણી સફળ થાય ત્યારબાદ જ તમારો ઈ-મેન્ડેટ એક્ટિવ થશે. ખાસ વાત એ છે કે આ મેન્ડેટ હેઠળ થતું પહેલું પેમેન્ટ પણ AFA દ્વારા જ વેરિફાય થવું જોઈએ.

આ ઈ-મેન્ડેટની એક ચોક્કસ સમયમર્યાદા (વેલિડિટી) હશે, અને સૌથી સારી વાત એ છે કે યુઝર્સ ગમે ત્યારે તેમાં ફેરફાર કરી શકે છે અથવા તો તેને કેન્સલ પણ કરી શકે છે. બેંકોએ ગ્રાહકોને રજિસ્ટ્રેશન વખતે જ આ સુવિધા વિશે ચોખ્ખી માહિતી આપવાની રહેશે.

તમે ફિક્સ રકમ અથવા તો બદલાતી (વેરિયેબલ) રકમ માટે પણ ઈ-મેન્ડેટ સેટ કરી શકો છો, જેમાં તમે મહત્તમ રકમની લિમિટ જાતે જ નક્કી કરી શકશો.

જો તમે કોઈ ચાલુ મેન્ડેટમાં ફેરફાર કરશો, તો ફરીથી નવું ઓથેન્ટિકેશન કરવું પડશે. હા, RBI એ એ પણ ચોખવટ કરી છે કે ગ્રાહકો પાસેથી આ ઓટોમેટિક રિકરિંગ પેમેન્ટ કે ઈ-મેન્ડેટ સુવિધા માટે બેંક કોઈ પણ પ્રકારનો ચાર્જ કે ફી વસૂલ કરી શકશે નહીં.

### ભારત ક્યારેય આતંક સામે ઝૂકશે નહીંઃ વડાપ્રધાન

## પહલગામ આતંકવાદી હુમલાની વરસી પર પીએમ મોદીએ શહીદોને શ્રદ્ધાંજલિ આપી

### જમ્મુ-કાશ્મીરના પહલગામ આતંકી હુમલાને એક વર્ષ પૂર્ણ થયુંઃ વરસી પૂર્વે કાશ્મીરમાં સુરક્ષા સઘન કરવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જમ્મુ-કાશ્મીરના પહલગામ આતંકી હુમલાને આજે એક વર્ષ પૂર્ણ થયું છે. આ વરસી પૂર્વે કાશ્મીરમાં સુરક્ષા સઘન કરવામાં આવી છે. ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ શ્રીનગરથી ૯૫ કિમી દૂર બૈસરન ખીણમાં આતંકીઓએ ૨૬ નિર્દોષ લોકોની હત્યા કરી હતી, ત્યારથી આ ખીણ પ્રવાસીઓ માટે બંધ છે.

પહલગામમાં થયેલા ભયાનક આતંકવાદી હુમલાના બરાબર એક વર્ષ પછી, રાષ્ટ્ર આ દુર્ઘટનામાં માર્યા ગયેલા નિર્દોષ જીવોને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપે છે. આ પ્રસંગે, પીએમ મોદીએ ઠ પર એક સંદેશ પોસ્ટ કર્યો જેમાં જણાવ્યું હતું કે, હુમલામાં માર્યા ગયેલા લોકોને ક્યારેય ભૂલાશે નહીં, આ દુઃખની ઘડીમાં, સમગ્ર રાષ્ટ્ર શોકગ્રસ્ત પરિવારો સાથે ઊભો છે.

પીએમ મોદીએ એક્સ પર સંદેશ પોસ્ટ કરીને લખ્યું છે કે, "એક રાષ્ટ્રના રૂપમાં આપણે શોક અને દ્રઢ સંકલ્પથી એકજૂટ છીએ. ભારત આતંકવાદના કોઈપણ રૂપની આગળ ક્યારેય નહીં ઝૂકે. આતંકવાદીઓના નાપાક ઈરાદા ક્યારેય સફળ નહીં થાય." અત્યારે જમ્મુ-કાશ્મીરના પહલગામની બૈસરન ખીણમાં પ્રવેશબંધી છે. જોકે, બેતાબ વેલી અને ચંદનવાડી જેવા સ્થળો ખુલ્લા છે. આ હુમલા બાદ પ્રવાસીઓની સંખ્યામાં ૩૦-૪૦ ટકાનો ઘટાડો થયો છે, જેને લીધે સ્થાનિક વેપારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.

ભારતીય સેનાએ સોશિયલ મીડિયા પર 'ઓપરેશન સિંદૂર'ની થીમ સાથે આતંકીઓને કડક ચેતવણી આપી છે. સેનાએ લખ્યું કે, ભારત કંઈ ભૂલ્યું નથી. જ્યારે માનવતાની હદ પાર થાય છે, ત્યારે જડબાતોડ જવાબ અપાય છે. ન્યાય થઈ ચૂક્યો છે.

ઉલ્લેખનીય છે કે, પહલગામ હુમલાનો બદલો લેવા વાયુસેનાએ ૬-૭મી મે ૨૦૨૫ની મધ્યરાત્રિએ પાકિસ્તાન અને પીઓકેમાં એર સ્ટ્રાઈક કરી હતી. માત્ર ૨૫ મિનિટ ચાલેલા આ ઓપરેશનમાં ૭ શહેરોમાં આતંકીઓના ૯ અડ્ડા ધ્વસ્ત કરાયા હતા.

પ્રવાસીઓની સુરક્ષા માટે વહીવટીતંત્રે અનેક આધુનિક પગલાં લીધા છે. દરેક સર્વિસ પ્રોવાઈડર, ટેક્સી ડ્રાઈવર અને ગાઈડની તપાસ કરી તેમને વિશિષ્ટ 'ક્યુઆર કોડ' આપવામાં આવ્યા છે. 'સ્કેન મી' સુવિધા દ્વારા અત્યાર સુધીમાં ૭ હજાર લોકોની ઓળખ સુનિશ્ચિત કરાઈ છે. બૈસરન ખીણ જેવા પહાડી વિસ્તારોમાં ઘૂસણખોરી રોકવા માટે સેનાની ૧૫થી ૨૦ જવાનોની નાની ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે, જેથી કોઈપણ અપ્રિય ઘટનાને અટકાવી શકાય.

### રોકાણકારોમાં ચિંતાનો માહોલ

## અમેરિકા-ઈરાન વિવાદ વચ્ચે સોના-ચાંદીની કિંમતમાં ફરી મોટો ઉછાળો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવ અને સીઝફાયર વધારવાની જાહેરાત વચ્ચે બુધવારે સોના અને ચાંદીના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે.

વૈશ્વિક બજારમાં વધેલી અનિશ્ચિતતાને કારણે બંને કિંમતી ધાતુઓના ભાવમાં ૧ ટકાથી વધુનો વધારો નોંધાયો છે. ભારતીય બજારમાં મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર સોનાનો ભાવ ૧૫૩૫ રૂપિયાની તેજી સાથે ૧,૫૩,૨૦૬ રૂપિયા પર પહોંચી ગયો છે, જ્યારે ચાંદીનો ભાવ ૪૨૪૭ રૂપિયા વધીને ૨,૪૮,૯૪૮ રૂપિયા પ્રતિ કિલો પર ટ્રેડ થઈ રહ્યો હતો. સોના-ચાંદીમાં




આવેલી આ તેજી પાછળનું મુખ્ય કારણ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો તાજેતરનો નિર્ણય છે. ટ્રમ્પે ઈરાન સાથેના યુદ્ધવિરામની ડેડલાઈન વધારી દીધી છે, પરંતુ આ સમયગાળો કેટલો હશે તે અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી. ટ્રમ્પે જણાવ્યું કે ઈરાનનું હાલનું નેતૃત્વ વિખરાયેલું છે. આ દરમિયાન પાકિસ્તાનના પીએમ અને આર્મી ચીફની અપીલને માન આપીને ટ્રમ્પે ઈરાન પરના હુમલા હાલ પૂરતા રોકવાનો નિર્ણય લીધો છે, જેથી શાંતિ મંત્રણા માટે વધુ સમય મળી રહે.

વૈશ્વિક સ્તરે ઊભી થયેલી આ અસ્થિરતા અને ભૌગોલિક-રાજકીય તણાવને કારણે રોકાણકારોમાં ફાળ પડી છે. જ્યારે પણ દુનિયામાં અનિશ્ચિતતાનો માહોલ સર્જાય છે, ત્યારે રોકાણકારો સુરક્ષિત રોકાણ તરીકે સોના અને ચાંદી તરફ વળે છે. આ વધતી જતી માગને કારણે જ કિંમતી ધાતુઓના ભાવ આસમાને પહોંચી રહ્યા છે. હાલમાં બજારમાં જે પ્રકારની સ્થિતિ છે તે જોતા આગામી દિવસોમાં પણ કિંમતી ધાતુઓમાં ભારે વધઘટ જોવા મળી શકે છે.

### ૨૬ દિવસમાં જ ગૃહ મંત્રીનું રાજીનામું

## નેપાળમાં વડાપ્રધાન બાલેન શાહની સરકારને મોટો ફટકો

(સંપૂર્ણ સમાચાર સેવા)કાઠમાંડુ

નેપાળના રાજકારણમાં એક મોટો ઉલટફેર જોવા મળ્યો છે. નેપાળના ગૃહ મંત્રી સુધન ગુરુંગે ભારે વિવાદો અને ભ્રષ્ટાચારના આરોપો વચ્ચે બુધવારે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. આશ્ચર્યની વાત એ છે કે તેઓ માત્ર ૨૬ દિવસ પહેલા જ મંત્રી પદ પર નિયુક્ત થયા હતા.

ટૂંકા ગાળામાં જ તેમને ગંભીર આરોપોને કારણે સત્તા છોડવાની ફરજ પડી છે, જેને વડાપ્રધાન બાલેન શાહની સરકાર માટે મોટો આંચકો માનવામાં આવે છે. સુધન ગુરુંગ પર વિવાદાસ્પદ ઉદ્યોગપતિ દીપક ભટ્ટ સાથે વ્યાપારી ભાગીદારી હોવાના અને માઈક્રો ઈન્સ્યોરન્સ કંપનીઓમાં શંકાસ્પદ રોકાણ કરવાના ગંભીર આરોપો લાગ્યા હતા. તપાસમાં બહાર આવ્યું હતું કે મંત્રી બન્યા પહેલા અને તે દરમિયાન તેમના નાણાકીય વ્યવહારો શંકાસ્પદ હતા. આ વિગતો જાહેર થતા જ વિપક્ષ અને નાગરિક સંગઠનોએ તેમના રાજીનામાની માંગ સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન શરૂ કર્યા હતા. ગૃહ મંત્રી પદ સંભાળ્યા બાદ સુધન ગુરુંગે ભ્રષ્ટાચાર સામે આક્રમક વલણ અપનાવવાની અને સિસ્ટમ સાફ કરવાની મોટી વાતો કરી હતી. જોકે, જ્યારે તેમના પોતાના જ અંગત રોકાણો અને વેપારી સંબંધો પર સવાલો ઉઠ્યા, ત્યારે તેઓ ચારેબાજુથી ઘેરાઈ ગયા હતા. પોતાની છબી ખરડાતા અને સરકાર પર દબાણ વધતા આખરે તેમણે પદ પરથી હટી જવાનો નિર્ણય લીધો હતો. નેપાળમાં છેલ્લા કેટલાક સમયથી રાજકીય અસ્થિરતા જોવા મળી રહી છે. નવી સરકારમાં સામેલ મહત્ત્વના મંત્રીનું આ રીતે ટૂંકા ગાળામાં રાજીનામું પડવું એ શાસક પક્ષ માટે ચિંતાનો વિષય છે. હાલમાં આ મામલે તપાસ તેજ કરવામાં આવી છે અને આગામી દિવસોમાં નેપાળના મંત્રીમંડળમાં મોટા ફેરફારો થવાની શક્યતા સેવાઈ રહી છે.




# તંત્રી લેખ......

## ભારતીય રાજકારણમાં લોકશાહીનો વધતો પ્રભાવ

યુએસ અને ઈરાન વચ્ચે સ્થિર યુદ્ધવિરામની આશાઓ અને ઘરેલુ મોરચે મહિલા અનામત બિલના પતનથી ઉદ્ભવેલી નિરાશા વચ્ચે, હવે ધ્યાન સીધા ઘરેલુ રાજકારણ પર છે, જે કોઈપણ વૈશ્વિક સંઘર્ષ કરતાં આપણા નિયંત્રણમાં છે. આ વર્ષે દેશભરના ઘણા રાજ્યોમાં ચૂંટણીઓ થવાની છે. જો કે, કોઈ પણ વર્ષમાં ચૂંટણીઓ ન થાય તે આશ્ચર્યજનક નથી. અત્યાર સુધી, આસામ, કેરળ અને પુડુચેરીમાં ચૂંટણીઓ યોજાઈ ચૂકી છે. બંગાળ અને તમિલનાડુમાં પણ આ મહિને ચૂંટણીઓ પૂર્ણ થશે.

આવતા વર્ષની શરૂઆતમાં, પંજાબ અને ઉત્તરાખંડ તેમજ રાજકીય રીતે મહત્વપૂર્ણ રાજ્ય ઉત્તર પ્રદેશમાં ચૂંટણીઓ યોજાવાની છે. આ ચૂંટણીઓમાં ખાસ સઘન મતદાર યાદી સુધારણા એક ગરમ વિષય રહ્યો છે, ત્યારે રાજકીય પક્ષો પણ હંમેશની જેમ ધર્મ, જાતિ, પ્રાદેશિક ઓળખ અને લોકપ્રિયતાનો ઉપયોગ કરીને મત મેળવવા માટે સ્પર્ધા કરી રહ્યા છે. સ્વાભાવિક રીતે, આપણું સામાજિક માળખું અને અર્થતંત્ર પ્રાદેશિકવાદ અને હેન્ડઆઉટ્સના આ રાજકારણના પ્રતિકૂળ પરિણામો ભોગવે છે.

આર્થિક વ્યવસ્થાપનને ઘણીવાર શાસનનું મૂળભૂત અને સૌથી મહત્વપૂર્ણ પાસું માનવામાં આવે છે. ભારતમાં, કેન્દ્ર સરકાર, રાજ્યો અને સ્થાનિક સંસ્થાઓનો કુલ વાર્ષિક ખર્ચ આશરે ૯૦ લાખ કરોડ છે. કેન્દ્ર સરકાર તરફથી નાણાકીય ટ્રાન્સફરને ધ્યાનમાં લેતા, રાજ્ય સરકારો અને સ્થાનિક સંસ્થાઓ મળીને આશરે ૬૦ લાખ કરોડ ખર્ચ કરે છે. રાજ્ય સરકારોનો સ્થાનિક સંસ્થાઓ પર સીધો નિયંત્રણ છે. આનો અર્થ એ છે કે ખર્ચ પરની જવાબદારીનો મોટો ભાગ મુખ્યત્વે રાજ્ય સરકારો અને તેમના વિવેકબુદ્ધિ પર રહેલો છે. કુલ સરકારી ખર્ચને ધ્યાનમાં લેતા, ?૮ લાખ કરોડથી વધુનો ખર્ચ ફક્ત મફત રાશન, રોકડ ટ્રાન્સફર, કૃષિ લોન માફી અને કૃષિ સબસિડી જેવા રાજકીય હેન્ડઆઉટ્સ પર થાય છે. આમાં શિક્ષણ અને આરોગ્ય પરનો ખર્ચ શામેલ નથી. શું હેન્ડઆઉટ્સ પરનો આ ખર્ચ કુલ ખર્ચના પ્રમાણમાં અતિશય છે કે અસંતુલિત છે? જો વિકસિત દેશોની સિસ્ટમ સાથે સરખામણી કરવામાં આવે તો, જવાબ "ના" હશે. વિકસિત દેશોમાં મફત ભેટોની પોતાની અનોખી યાદી છે. જ્યારે તેમને સામાજિક સુરક્ષા તરીકે લેબલ કરી શકાય છે, ત્યારે આ ખ્યાલ ચોક્કસપણે તેમના માટે અજાણ્યો નથી. જો કે, એક મૂળભૂત તફાવત એ છે કે જ્યારે વિકસિત દેશોમાં આવા ખર્ચ સંપૂર્ણપણે સંસ્થાકીય અને સામાજિક કરારનો ભાગ છે, ત્યારે ભારતમાં આ ખર્ચ મનસ્વીતાનું ઉદાહરણ છે, જે મોટાભાગે ચૂંટણી દબાણ દ્વારા ઉત્તેજિત સ્પર્ધાત્મક લોકપ્રિયતાને આભારી છે. આ ખર્ચનું સ્વરૂપ અને સ્વરૂપ પણ બદલાય છે. જો આપણે ભારતમાં કૃષિ લોન માફીની તુલના કરીએ, તો યુએસ સમાન ઉદાહરણો આપે છે, જેમ કે સબસિડીવાળા પાક વીમા અને ઓછા વ્યાજની લોન. ભારત જેવા અર્થતંત્રને ધ્યાનમાં લેતા, બ્રાઝિલમાં શરતી રોકડ ટ્રાન્સફરની સિસ્ટમ છે, જે શાળામાં હાજરી અને રસીકરણ જેવા માપદંડો સાથે જોડાયેલી છે. આ બધી લોકપ્રિય યોજનાઓ કરદાતાઓના ખિસ્સામાંથી ભંડોળ પૂરું પાડવામાં આવે છે, પરંતુ વિદેશમાં, આ માટે મજબૂત સિસ્ટમો છે. વિકસિત દેશોમાં, આવી યોજનાઓ જોખમ વ્યવસ્થાપન અને સામાજિક કરારો તરીકે રજૂ કરવામાં આવે છે. તેમની ડિલિવરી મિકેનિઝમ્સ પણ વધુ સારા પરિણામો આપે છે. કલ્યાણકારી રાજ્યનો ખ્યાલ નવો કે અનોખો નથી. આપણે વિચારવું જોઈએ કે શું આપણે આપણા કલ્યાણકારી રાજ્યને તકની સ્થિતિમાં પરિવર્તિત કરવા માટે પૂરતું કરી રહ્યા છીએ.૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાના ભારતના ધ્યેયને પ્રાપ્ત કરવા માટેનું ગણિત સરળ છે. આ હાંસલ કરવા માટે, આપણે બે દાયકા સુધી ઓછામાં ઓછા ૮ ટકાના દરે આર્થિક વૃદ્ધિ જાળવી રાખવી જોઈએ. આપણે ઉત્પાદન-કેન્દ્રિત કલ્યાણકારી અભિગમ અપનાવવો જોઈએ, જ્યાં નાણાકીય પ્રાથમિકતાઓ વપરાશ-આધારિત સબસિડીને બદલે ક્ષમતા-નિર્માણ રોકાણો તરફ લક્ષી હોય. અંદાજો સૂચવે છે કે માળખાગત સુવિધાઓ અને માનવ વિકાસ પર ખર્ચવામાં આવતા દરેક રૂપિયાનો જીડીપી પર ૨.૫ થી ૪ રૂપિયાનો ગુણાકાર પ્રભાવ પડે છે, જ્યારે મફત વસ્તુઓ પર ખર્ચવામાં આવતા રૂપિયાથી ઉત્પાદકતામાં માત્ર ૦.૯ રૂપિયાનો વધારો થાય છે.

### પરિવર્તન-વિકાસનો આપ્યો સંદેશ

## નક્સલ પ્રભાવિત વિસ્તારમાં સચિન તેંડુલકર બાળકો સાથે ગેમ્સ રમ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)દાંતેવાડા

દાંતેવાડા જિલ્લાના છિંદનાર ગામમાં બુધવારે એક ઐતિહાસિક અને ભાવનાત્મક દૃશ્ય જોવા મળ્યું, જ્યારે ક્રિકેટના ભગવાન સચિન તેંડુલકર ત્યાં પહોંચ્યા. લાંબા સમયથી નક્સલ પ્રભાવિત ગણાતા આ વિસ્તારમાં તેમની હાજરીએ સમગ્ર વાતાવરણને ઉત્સવમય બનાવી દીધું. ગામના મેદાનમાં મોટી સંખ્યામાં એકત્ર થયેલા બાળકો અને સ્થાનિક લોકો માટે સચિનને નજીકથી જોવાનો અને તેમની સાથે વાત કરવાનો અવસર ખૂબ જ વિશેષ રહ્યો. તેમણે બાળકો સાથે ટગ-ઓફ-વૉર સહિતની રમતોમાં ભાગ લીધો અને દરેક ક્ષણને યાદગાર બનાવી દીધી. સચિનની સરળતા અને બાળકો સાથેનો તેમનો મિત્રભાવ જોઈને દરેકના ચહેરા પર હાસ્ય છવાઈ ગયું હતું. બાળકો માટે આ ક્ષણ સ્વપ્ન સમાન હતી, કારણ કે તેઓ જેને માત્ર ટીવી પર કે પેપરમાં જોતા હતા, તે આજે તેમની સાથે રમતા હતા. આ કાર્યક્રમ દરમિયાન સચિને ગામના લોકો સાથે પણ સંવાદ કર્યો અને વિસ્તારમાં થઈ રહેલા બદલાવની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે રમતગમત બાળકોમાં આત્મવિશ્વાસ, શિસ્ત અને સકારાત્મક વિચારધારા વિકસાવે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે બસ્તરના ઘણા વિસ્તારોમાં રમવા માટે યોગ્ય મેદાનોની અછત છે, જેને દૂર કરવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અહીં આવી તેમના બાળપણના દિવસોની યાદો તાજી થઈ ગઈ હોવાનું પણ સચિને જણાવ્યું હતું. સચિને પોતાના પરિવારનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેમની પત્ની અંજલિ અને પુત્રી સારા તેમના ફાઉન્ડેશન સાથે જોડાયેલા કાર્યમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમનો પરિવાર સામાજિક પરિવર્તનના કાર્યમાં સતત સહયોગ આપે છે.

## અજમેર–પાલનપુર રેલખંડ પર બ્લોકના કારણે રેલ સેવાઓ પ્રભાવિત

અજમેર મંડળના અજમેર–પાલનપુર રેલખંડ વચ્ચે જવાલી–રાની સ્ટેશનો વચ્ચે બ્રિજ સંખ્યા ૬૩૩ અને ૬૩૪ પર આરસીસી બોક્સ મૂકવા માટે બ્લોક લેવામાં આવી રહ્યો છે, જેના કારણે રેલવે ટ્રાફિક પ્રભાવિત રહેશે. વિગતો નીચે મુજબ છે:

રદ્દ ટ્રેનો

- ટ્રેન સંખ્યા ૧૪૮૨૨ સાબરમતી–જોધપુર એક્સપ્રેસ, તા. ૨૪.૦૪.૨૬ અને ૨૫.૦૪.૨૬ ના રોજ રદ્દ રહેશે.
- ટ્રેન સંખ્યા ૧૪૮૨૧ જોધપુર–સાબરમતી એક્સપ્રેસ, તા. ૨૩.૦૪.૨૬ અને ૨૪.૦૪.૨૬ ના રોજ રદ્દ રહેશે.

માર્ગ પરિવર્તિત ટ્રેનો

- ટ્રેન સંખ્યા ૨૦૯૪૩ (બાન્દ્રા ટર્મિનસ–ભગત કી કોઠી), જે તા. ૨૩.૦૪.૨૬ ના રોજ બાન્દ્રા ટર્મિનસથી પ્રસ્થાન કરશે. પરિવર્તિત માર્ગ મહેસાણા–ભીલડી–લૂણી થઈને સંચાલિત થશે. માર્ગમાં આ ટ્રેન પાટણ, ભીલડી, મારવાડ ભીનમાલ, જાલોર, સમદડી સ્ટેશનો પર રોકાશે.
- ટ્રેન સંખ્યા ૨૦૬૯૪ (બેંગલુરુ–જોધપુર), જે તા. ૨૨.૦૪.૨૬ ના રોજ બેંગલુરુથી પ્રસ્થાન કરશે, પરિવર્તિત માર્ગ મહેસાણા–ભીલડી–લૂની થઈને સંચાલિત થશે. માર્ગમાં આ ટ્રેન પાટણ, ભીલડી, મારવાડ ભીનમાલ, જાલોર, સમદડી સ્ટેશનો પર રોકાશે.
- ટ્રેન સંખ્યા ૨૦૪૯૬ (હડપસર–જોધપુર), જે તા. ૨૩.૦૪.૨૬ ના રોજ હડપસરથી પ્રસ્થાન કરશે, પરિવર્તિત માર્ગ મહેસાણા–ભીલડી–લૂની થઈને સંચાલિત થશે. માર્ગમાં આ ટ્રેન પાટણ, ભીલડી, મારવાડ ભીનમાલ, જાલોર સમદડી સ્ટેશનો પર રોકાશે.
- ટ્રેન સંખ્યા ૧૪૭૦૧ (શ્રીગંગાનગર–બાન્દ્રા ટર્મિનસ), જે તા. ૨૩.૦૪.૨૬ ના રોજ શ્રીગંગાનગરથી પ્રસ્થાન કરશે. પરિવર્તિત માર્ગ અજમેર–ચિત્તૌડગઢ–રતલામ–વડોદરા થઈને સંચાલિત થશે. માર્ગમાં આ ટ્રેન ભીલવાડા, ચિત્તૌડગઢ, નીમચ, મંદસોર સ્ટેશનો રોકાશે.

રીશેડ્યૂલ ટ્રેનો

- ટ્રેન સંખ્યા ૧૯૪૧૧ (ગાંધીનગર કેપિટલ–દૌલતપુર ચોક), તા. ૨૪.૦૪.૨૬ ના રોજ તેના નિર્ધારિત સમય કરતાં ૧ કલાક ૩૦ મિનિટ મોડી પ્રસ્થાન કરશે.
- ટ્રેન સંખ્યા ૧૯૨૨૩ (સાબરમતી–જમ્મૂતવી), તા. ૨૪.૦૪.૨૬ ના રોજ તેના નિર્ધારિત સમય કરતાં ૧ કલાક મોડી પ્રસ્થાન કરશે.

## પ્રયાગરાજ સ્ટેશન પર નોન-ઈન્ટરલોકિંગ કાર્યને કારણે ટ્રેનોના માર્ગમાં પરિવર્તન

પ્રયાગરાજ સ્ટેશન પર યાર્ડ રિમોડેલિંગ કામ અંતર્ગત નોન-ઈન્ટરલોકિંગ કાર્ય કરવામાં આવશે. તેના કારણે નીચે દર્શાવેલ ટ્રેનોને પરિવર્તિત માર્ગ દ્વારા સંચાલિત કરવામાં આવશે:

- ટ્રેન સંખ્યા ૧૫૫૬૦ અમદાવાદ – દરભંગા એક્સપ્રેસ

જે તારીખ ૨૪.૦૪.૨૦૨૬ના રોજ અમદાવાદથી રવાના થશે,તે પોતાના નિર્ધારિત માર્ગ માણિકપુર–પ્રયાગરાજ–પ્રયાગરાજ રામબાગ–વારાણસી–ઔંઢિહાર ના સ્થાને પરિવર્તિત માર્ગ માણિકપુર–પ્રયાગરાજ છિવકી–જીવનાથપુર–વારાણસી–જૌનપુર–ઔંઢિહાર થઈને ચાલશે.

- ટ્રેન સંખ્યા ૧૫૫૫૯ દરભંગા - અમદાવાદ એક્સપ્રેસ

જે તારીખ ૨૯.૦૪.૨૦૨૬ના રોજ દરભંગાથી રવાના થશે, તે પોતાના નિર્ધારિત માર્ગ ઔંઢિહાર–વારાણસી–પ્રયાગરાજ રામબાગ–પ્રયાગરાજ–માણિકપુરના સ્થાને પરિવર્તિત માર્ગ ઔંઢિહાર–જૌનપુર–વારાણસી–જીવનાથપુર–પ્રયાગરાજ છિવકી–માણિકપુર થઈને ચાલશે.

- ટ્રેન સંખ્યા ૧૯૪૨૧ અમદાવાદ – પટના એક્સપ્રેસ

જે તારીખ ૨૬.૦૪.૨૦૨૬ના રોજ અમદાવાદથી રવાના થશે, પોતાના નિર્ધારિત માર્ગ માણિકપુર–પ્રયાગરાજ–પ્રયાગરાજ રામબાગ–વારાણસી–પંડિત દીન દયાલ ઉપાધ્યાયના સ્થાને પરિવર્તિત માર્ગ માણિકપુર પ્રયાગરાજ છિવકી–મિર્ઝાપુર–પંડિત દીનદયાલ ઉપાધ્યાય થઈને ચાલશે.

- ટ્રેન સંખ્યા ૧૯૪૨૨ પટના – અમદાવાદ એક્સપ્રેસ

જે તારીખ ૨૮.૦૪.૨૦૨૬ના રોજ પટના થી રવાના થશે, પોતાના નિર્ધારિત માર્ગ પંડિત દીન દયાલ ઉપાધ્યાય–વારાણસી–પ્રયાગરાજરામબાગ–પ્રયાગરાજ–માણિકપુરના સ્થાને પરિવર્તિત માર્ગ પંડિત દીન દયાલ ઉપાધ્યાય–મિર્ઝાપુર–પ્રયાગરાજ છિવકી–માણિકપુર થઈને ચાલશે.

- ટ્રેન સંખ્યા ૦૯૪૪૭ અમદાવાદ – પટના વિશેષ ટ્રેન

જે તારીખ ૨૯.૦૪.૨૦૨૬ના રોજ અમદાવાદથી રવાના થશે, પોતાના નિર્ધારિત માર્ગ આગ્રા ફોર્ટ–ટૂંડલા–પ્રયાગરાજ–પંડિત દીનદયાલ ઉપાધ્યાયના સ્થાને પરિવર્તિત માર્ગ આગ્રા કેન્ટ–વીરાંગના લક્ષ્મીબાઈ (ઝાંસી)–માણિકપુર–પ્રયાગરાજ છિવકી–પંડિત દીનદયાલ ઉપાધ્યાય થઈને ચાલશે. ઉપરોક્ત તમામ ટ્રેનોને પ્રયાગરાજ છિવકી સ્ટેશન પર ૦૨ મિનિટનું અસ્થાયી સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

## વેપારીની પત્નીએ કર્યો આપઘાત, બે મહિના પહેલા જ થયા હતા લગ્ન

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

શહેરમાં એક હચમચાવી નાખે તેવી ઘટના સામે આવી છે, જેમાં એક નવવિવાહિત મહિલાએ પોતાના જ ઘરે ગળેફાંસો ખાઈ જીવનનો અંત લાવ્યો છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોક અને આશ્ચર્યની લાગણી ફેલાવી દીધી છે, ખાસ કરીને કારણ કે મહિલાના લગ્નને હજી માત્ર બે મહિના જ થયા હતા.

માહિતી અનુસાર, ઘટના સુભાષનગર વિસ્તારમાં આવેલા બંગલા નંબર ૬૫ માં બની હતી. મૃતક મહિલા ખ્યાતિ કેજરીવાલ પોતાના પતિ સાથે અહીં રહેતી હતી. પરિવાર પ્લાસ્ટિકના ધાણાના વેપાર સાથે સંકળાયેલો હોવાનું પણ જાણવા મળ્યું છે. ઘટના સમયે ખ્યાતિ પોતાના બેડરૂમમાં એકલી હતી, જ્યાં તેણે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

પરિવારજનોને જ્યારે આ ઘટનાની જાણ થઈ ત્યારે તેઓ તરત જ બેડરૂમ તરફ દોડી આવ્યા હતા, જ્યાં ખ્યાતિને બેભાન હાલતમાં લટકતી હાલતમાં જોઈને તાત્કાલિક નીચે ઉતારી અને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાની કોશિશ કરવામાં આવી. પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.

ઘટનાની જાણ થતા પોલીસ તરત જ સ્થળ પર પહોંચી અને પંચનામું સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. મહત્વની વાત એ છે કે, અત્યાર સુધી પોલીસને કોઈ પણ પ્રકારનો સુસાઈડ નોટ મળી નથી, જેના કારણે આ આપઘાત પાછળનું ચોક્કસ કારણ હજી સુધી જાણી શકાયું નથી. પોલીસ દ્વારા મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે અને આગળની તપાસ શરૂ કરવામાં આવી છે.મૃતકના પતિ તેમજ સાસરીયાઓના નિવેદનો લેવામાં આવી રહ્યા છે. સાથે જ મહિલાના લગ્નજીવન, પારિવારિક પરિસ્થિતિ અને અન્ય સંભવિત કારણોને ધ્યાનમાં રાખીને તપાસ આગળ વધારવામાં આવી રહી છે.

## કોંગ્રેસના શાસનમાં અમદાવાદ લતીફનું : ભાજપના શાસનમાં અમદાવાદ અમદાવાદીઓનું: ગૃહમંત્રી હર્ષ સંઘવી




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ વચ્ચે રાજકીય પક્ષો વચ્ચે પણ રાજકીય પ્રચાર દિન પ્રતિદિન નવી રાજકીય ગરમી સર કરી રહ્યો છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદના દરીયાપુર વિધાનસભા મતવિસ્તારમાં ઘી કાંટા વિસ્તારમાં વિશાળ જાહેર સભાને સંબોધતા વિવાદાસ્પદ નિવેદન કર્યુ હતું કે કોંગ્રેસ ના શાસનમાં અમદાવાદ લતીફ જેવા દાણચોરોના કબ્જામાં હતું, કોમી રમખાણોને આધીન હતુ, ભગવાન જગન્નાથની રથયાત્રા સુરક્ષિત ઘેરામાં કાઢવી પડતી હતી, નવરાત્રી જેવા તહેવારોની ઉજવણી મુશ્કેલ કરી દેવામાં આવી હતી,

જયારે ભાજપના શાસનમાં અમદાવાદ અમદાવાદીઓનું છે. કોમી રમખાણ મુકત છે, બધે જ શાંતિ છે, ભગવાન જગન્નાથની રથયાત્રા શાંતિથી નિકળે છે. નવરાત્રી પર કોઈ પ્રતિબંધ નથી, જય શ્રી રામ ના નારા સાથે ચુંટણી સભાની શરૂઆત કરતા સંઘવીએ દરીયાપુરના લોકોનો આભાર માન્યો હતો. જુના દિવસોને યાદ કરતા સંઘવીએ કહ્યુ હતુ કે કોંગ્રેસના શાસન દરમિયાન શહેર લતીફનું અમદાવાદ તરીકે જાણીતુ હતું. આક્રમક સુરક્ષા વાતાવરણ વિશે બોલતા સંઘવીએ કહ્યું હતું કે એક સમય હતો જયારે ભગવાન જગન્નાથની રથયાત્રા માટેના રથોને બુલેટપ્રુફ બનાવવા પડતા હતા. આજે ભાજપ સત્તામાં છે, અને કોઈની પાસે રથયાત્રા તરફ જોવાની પણ હિંમત નથી, અમે બધા દાદાઓ ઘરે લાવ્યા છીએ, સંઘવીએ વધુમાં કહ્યુ હતુ કે દરીયાપુર માત્ર એક વિધાનસભા મતવિસ્તાર નથી, પરંતુ ઈતિહાસ અને સંસ્કૃતિનો સાક્ષી છે. આ એ જ ભુમિ છે જયાં લોખંડી પુરુષ સરદાર પટેલે પોતાનુ સામાજિક જીવન શરૂ કર્યુ હતું અને નગરપાલિકા પ્રમુખ બન્યા હતા. અમારૂ લક્ષ્ય અહીંના મંદિરો, સંસ્કૃતિ અને વારસાનુ જતન કરવાનો અને આધુનિકતા તરફ આગળ વધવાનું છે.

ધંધુકાના ધર્મેશ ભરવાડ ની હત્યાનો ઉલ્લેખ કરતા સંઘવીએ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે ગુંડાઓ સામે કાર્યવાહી બંધ નહી થાય, તેમણે વધુમાં કહ્યુ હતુ કે બુલડોઝર હવે ધંધુકા પહોંચી ગયુ છે અને ધીમેધીમે રાજયના દરેક ખુણા સુધી પહોચશે. જયાં અન્યાય થયો છે, અમે હજારો હેકટર જમીન ગુંડાઓથી મુકત કરાવી છે અને તેને જનતા માટે ખુલ્લી મુકી છે.

આવા લોકોનુ રક્ષણ કરનારાઓ ભલે મારૂ નામ ન લે, પણ લોકોની સુરક્ષા મારી પ્રાથમિકતા છે. મતદારોને જાગૃત કરતા તેમણે કહ્યુ હતુ કે જો કોંગ્રેસના પ્રતિનિધિઓ ચુંટાય છે તો તેઓ તમારી સંસ્કૃતિ અને તહેવારો પર પ્રતિબંધ મુકશે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે કોંગ્રેસના એકપણ ચૌદસ (ઉમેદવાર) ચુંટાય નહી, જો તેઓ આવે છે તો તેઓ લાંબા સમય સુધી ચાલતી નવરાત્રી બંધ કરાવશે, ફકત ભાજપના શાસનમાં જ તમે લાકડીઓ વડે તહેવારો ઉજવી શકો છો.

ઉલ્લેખનીય છે કે બેઠકના અંતે હર્ષ સંઘવીએ દરેક કાર્યકર અને નાગરીકને અપીલ કરી હતી કે ગમે તેટલી ગરમી કે મુશ્કેલ પરિસ્થિતિ હોય, એક પણ મતદાર મતદાન કર્યા વિના ન રહે, બેઠકમાં ભાજપના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

## વિધર્મીએ લગ્નની લાલચ આપી સુરતની યુવતીને ગર્ભવતી બનાવી તરછોડી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના પુણા વિસ્તારની એક યુવતી ઓનલાઈન ગેમ 'ફ્રી ફાયર' અને 'પબજી' રમવાની શોખીન હતી. આ ગેમ રમતી વખતે તેની મુલાકાત કેરલમના વતની હિશામ મુનીર નામના યુવક સાથે થઈ હતી. ગેમ રમતા-રમતા બંને વચ્ચે વાતચીત શરૂ થઈ અને ધીમે-ધીમે આ મિત્રતા પ્રેમમાં પરિણમી હતી. વિધર્મી યુવકે પ્રેમજાળમાં ફસાવી યુવતીને લગ્નનો વિશ્વાસ અપાવ્યો હતો.પ્રેમ સંબંધ બાંધ્યા બાદ યુવતી કેરલમ ખાતે પીજીમાં રહેવા માટે જઈ રહી હતી. આ દરમિયાન આરોપી હિશામ મુનીરે તેને લગ્ન કરવાની લાલચ આપી હતી અને તેની સાથે વારંવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ સતત શોષણને કારણે યુવતી ગર્ભવતી બની હતી. જેવી યુવતીએ ગર્ભવતી હોવાની અને લગ્ન કરવાની વાત કરી, આરોપી હિશામ પોતાનો અસલી ચહેરો બતાવી તેને નિરાધાર હાલતમાં તરછોડીને ફરાર થઈ ગયો હતો. પોતાની સાથે થયેલા વિશ્વાસઘાત અને અન્યાય સામે લડવા યુવતીએ સુરત પરત આવી પુણા પોલીસ મથકમાં આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

### વાયુસેનાના શક્તિશાળી વિમાનોનું પરાક્રમ

## હાઈવે પર ઉતર્યા ભારતીય વાયુસેનાના ફાઈટર જેટ્સ

### ભારતીય વાયુસેના ઉત્તર પ્રદેશના સુલ્તાનપુર પાસે પૂર્વાંચલ એક્સપ્રેસ-વે પર મોટું યુદ્ધાભ્યાસ કરી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

ભારતીય વાયુસેના આજે ઉત્તર પ્રદેશના સુલ્તાનપુર પાસે પૂર્વાંચલ એક્સપ્રેસ-વે પર આવેલી ૩.૨ કિલોમીટર લાંબી એરસ્ટ્રીપ પર મોટું યુદ્ધાભ્યાસ કરી રહી છે. કટોકટીના સમયે હાઈવેનો ઉપયોગ રન-વે તરીકે કરવાની ક્ષમતા ચકાસવા માટે આ કવાયત હાથ ધરવામાં આવી છે. આ અભ્યાસ બે તબક્કામાં રાત્રે ૯ વાગ્યા સુધી ચાલશે.આ એર શોમાં વાયુસેનાના શક્તિશાળી વિમાનો સુખોઈ-૩૦ MKI, જગુઆર, મિરાજ-૨૦૦૦ અને સ્વદેશી તેજસ ફાઈટર જેટ્સ પરાક્રમ બતાવી રહ્યા છે. આ ઉપરાંત C-295 અને AN-32 જેવા ટ્રાન્સપોર્ટેશન વિમાનો પણ આ અભ્યાસમાં સામેલ થયા છે. ખાસ કરીને સુખોઈ અને મિરાજ વિમાનો દ્વારા ટચ એન્ડ ગો ડ્રિલ કરવામાં આવી રહી છે, જેમાં વિમાન રનવેને સ્પર્શીને તરત જ ફરી ઉડાન ભરે છે. યુદ્ધાભ્યાસમાં MI-17 V5 હેલિકોપ્ટર દ્વારા સ્પેશિયલ ફોર્સના જવાનોને સ્લિદરિંગ ટેકનિકથી નીચે ઉતારવાનો અભ્યાસ પણ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ એરસ્ટ્રીપ ૩૨૦ સ્સ જાડી બનાવવામાં આવી છે જેથી ભારે લડાયક વિમાનોનું વજન સરળતાથી સહન કરી શકે. જો યુદ્ધ સમયે દુશ્મન દેશ મુખ્ય એરબેઝને નિશાન બનાવે, તો આવા હાઈવે એરસ્ટ્રીપ બેકઅપ રનવે તરીકે કામ કરે છે. સુરક્ષાના કારણોસર વહીવટીતંત્રે એક્સપ્રેસ-વેનો ૧૨ કિલોમીટરનો હિસ્સો સીલ કરી દીધો છે અને ટ્રાફિકને ૧ મે સુધી ડાયવર્ટ કરવામાં આવ્યો છે. આ એરસ્ટ્રીપનું લોકાર્પણ ૧૬ નવેમ્બર ૨૦૨૧ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાતે સી-૧૩૦જ હર્ક્યુલસ વિમાનમાં અહીં ઉતરીને કર્યું હતું. આ યુદ્ધાભ્યાસથી વાયુસેનાની સજ્જતા મજબૂત થઈ છે અને સ્થાનિક લોકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો છે.

### અભિષેક શર્માએ બનાવ્યો વધુ એક વર્લ્ડ રેકોર્ડ

## અભિષેક શર્માએ ક્રિસ ગેલ અને એરોન ફિન્ચનો તોડ્યો વર્લ્ડ રેકોર્ડ



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

IPL 2026માં અભિષેક શર્મા એક પછી એક શાનદાર પ્રદર્શન દ્વારા સતત પોતાની ક્ષમતા સાબિત કરી રહ્યો છે, જે દર્શાવે છે કે ICC T20 રેન્કિંગમાં તે વિશ્વના નંબર વન બેટ્સમેનનું બિરુદ શા માટે ધરાવે છે. T20 ક્રિકેટમાં અભિષેક શર્માએ હવે કયો નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. IPL 2026ની ૩૧મી મેચ હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે સનરાઈઝર્સ હૈદરાબાદ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા હૈદરાબાદના યુવા ઓપનર અભિષેક શર્માએ તેની કારકિર્દીની બીજી સદી ફટકારતા ઘણા મોટા રેકોર્ડ તોડ્યા. અભિષેકે ફક્ત ૬૮ બોલમાં ૧૩૫ રનની અસાધારણ અણનમ ઈનિંગ રમી. તેણે ઈનિંગમાં ૧૦ ચોગ્ગા અને ૧૦ છગ્ગા ફટકાર્યા હતા. મેચમાં દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ પસંદ કરી. પરિણામે હૈદરાબાદે માત્ર બે વિકેટ ગુમાવીને ૨૪૨ રનનો મોટો સ્કોર બનાવ્યો. અભિષેકની સદી ઉપરાંત દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન હેનરિક ક્લાસેને માત્ર ૧૩ બોલમાં ૩૭ રનની ધમાકેદાર ઈનિંગ રમીને દિલ્હીના બોલરોને હંફાવ્યા હતા. અભિષેક શર્માએ T20 ક્રિકેટમાં વધુ એક વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. અભિષેક T20 કારકિર્દીમાં ચોથી વખત એક ઈનિંગમાં ૧૩૦થી વધુ રન બનાવ્યા છે. આ પહેલા તેણે ગયા વર્ષે આઈપીએલ દરમિયાન પંજાબ કિંગ્સ સામે ૧૪૧ રનની કારકિર્દીની શ્રેષ્ઠ ઈનિંગ રમી હતી. વધુમાં ગયા વર્ષે જ અભિષેકે મુંબઈમાં યોજાયેલી ઈંગ્લેન્ડ સામેની ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ભારત માટે ૧૩૭ રનની ઈનિંગ રમી હતી. તો સૈયદ મુશ્તાક અલી ટ્રોફી દરમિયાન તેણે બંગાળ સામે પંજાબ ટીમ માટે માત્ર ૫૨ બોલમાં ૧૪૮ રનની શાનદાર ઈનિંગ રમીને ઈતિહાસ રચ્યો હતો. અભિષેક શર્મા આ અનોખો રેકોર્ડ હાંસલ કરનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બન્યો છે. તેણે વેસ્ટ ઈન્ડીઝના પૂર્વ ખેલાડી ક્રિસ ગેલ અને પૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટન એરોન ફિન્ચ દ્વારા અગાઉ બનાવેલ વર્લ્ડ રેકોર્ડ તોડ્યો છે. T20 ક્રિકેટમાં ૧૩૦થી વધુ રન બનાવનારા ખેલાડીઓમાં ટોપ-૩ પર નજર કરીએ તો, ભારતનો અભિષેક શર્મા હવે ટોપ પર છે. બીજા સ્થાને વેસ્ટ ઈન્ડિઝનો ક્રિસ ગેલ અને ઓસ્ટ્રેલિયાનો એરોન ફિન્ચ છે, જ્યારે ત્રીજા સ્થાને સંયુક્ત રીતે પાંચ ખેલાડીઓ છે, જેમણે બે વાર આ સિદ્ધિ હાંસલ કરી છે. આ ખેલાડીઓમાં ન્યુઝીલેન્ડના પૂર્વ કેપ્ટન બ્રેન્ડન મેક્કુલમ, ઓસ્ટ્રેલિયાના ગ્લેન મેક્સવેલ, ભારતના શ્રેયસ ઐયર, ન્યુઝીલેન્ડના ફિન એલન અને પાકિસ્તાનના સાહિબજાદા ફરહાનનો સમાવેશ થાય છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: એમસીએક્સ પર કોટનના વાયદામાં રૂ.૧૦૪૦નો ઉછાળો: સોનાનો વાયદો રૂ.૧૪૭૯, ચાંદીનો વાયદો રૂ.૩૮૮૫ વધ્યો


## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૩૧નો સુધારો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૦૯૦૨.૭૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૩૩૮૧૮.૫૧ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૩૩૬૯.૭૭ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૬૮૯૪ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૫૪૭૨૧.૬૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૦૯૦૨.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૩૩૮૧૮.૫૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૬૮૯૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૧૦૪.૮ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૩૩૬૯.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૩૩૩૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૬૯૯ અને નીચામાં રૂ.૧૫૩૦૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૧૬૭૧ના આગલા બંધ સામે રૂ.૧૪૭૯ વધી રૂ.૧૫૩૧૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૬૧ વધી રૂ.૧૨૨૦૫૧ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૮૧ વધી રૂ.૧૫૩૦૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૯૮ વધી રૂ.૧૫૧૬૭૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૦૭૪૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૨૨૭૫ અને નીચામાં રૂ.૧૫૦૭૪૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૦૫૩૭ના આગલા બંધ સામે રૂ.૧૨૩૭ વધી રૂ.૧૫૧૭૭૪ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૪૮૭૧૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૫૦૬૯૮ અને નીચામાં રૂ.૨૪૮૦૪૨ના મથાળે અથડાઈ, રૂ.૨૪૪૭૦૧ના આગલા બંધ સામે રૂ.૩૮૮૫ વધી રૂ.૨૪૮૫૮૬ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૩૯૮૮ વધી રૂ.૨૫૦૪૭૪ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૩૯૯૦ વધી રૂ.૨૫૦૫૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૩૦૦.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.૧૧.૭ વધી રૂ.૧૨૭૬.૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.૫.૮૫ વધી




રૂ.૩૪૯.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.૫.૯ વધી રૂ.૩૭૧.૨ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો ૩૦ પૈસા ઘટી રૂ.૧૯૬.૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૪૧૭૪.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૯૯૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૯૯૬ અને નીચામાં રૂ.૪૯૫૩ના મથાળે અથડાઈ, રૂ.૧૧ ઘટી રૂ.૪૯૭૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.૮૩૯૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૬૦૪ અને નીચામાં રૂ.૮૨૪૦ના સ્તરને સ્પર્શી, રૂ.૮૪૩૭ના આગલા બંધ સામે રૂ.૩૧ વધી રૂ.૮૪૬૮ થયો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.૨૫ વધી રૂ.૮૪૬૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩.૨ વધી રૂ.૨૫૫.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો રૂ.૩.૨ વધી રૂ.૨૫૫.૬ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૯ના ભાવે ખૂલી, રૂ.૧.૭ ઘટી રૂ.૧૦૦૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન એપ્રિલ વાયદો રૂ.૧૦૪૦ના ઉછાળા સાથે રૂ.૨૯૫૫૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ.૨૮૫૩ના ભાવે ખૂલી, રૂ.૭૯ ઘટી રૂ.૨૮૫૯ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૮૭૭.૪૮ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૪૯૨.૨૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૨૭૭.૭૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૯૦.૩૬ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫.૦૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૦૭.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૧.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૦૯૫.૮૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૦૬૭.૨૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૫.૧૨ કરોડનાં કામ થયાં હતાં. કોટનના વાયદામાં રૂ. ૦.૦૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૧૭ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૭૬૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૯૫૦૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૭૮૯૦ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૭૬૫૫૭ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૪૫૮૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૯૬૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૫૫૬૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૯૨૬૭૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૮૨૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫૦૯૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૫૪૦૫ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો ૩૬૮૯૪ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૬૮૯૪ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૮૪૮ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૩૧ પોઈન્ટ વધી ૩૬૮૯૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪.૨ ઘટી રૂ.૩૪૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૦૫ વધી રૂ.૪.૨૫ના ભાવે બોલાયો હતો. સોનું એપ્રિલ રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૦ વધી રૂ.૧૩૦૫.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૨૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૧.૫ વધી રૂ.૧૩૩૧ના ભાવે બોલાયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૯ પૈસા વધી રૂ.૨.૫૩ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬.૫૬ વધી રૂ.૧૮.૯૧ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ મે રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૮ ઘટી રૂ.૧૩૯.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૫૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૨૫ ઘટી રૂ.૩.૬ના ભાવે બોલાયો હતો.

સોનું એપ્રિલ રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૭.૫ ઘટી રૂ.૩૭૩ થયો હતો. આ સામે ચાંદી એપ્રિલ રૂ.૨૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૫૦૨.૫ ઘટી રૂ.૧૦૦૦.૫ થયો હતો. તાંબું એપ્રિલ રૂ.૧૦૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧૨ પૈસા ઘટી રૂ.૦.૧ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૨ પૈસા ઘટી રૂ.૦.૦૩ના ભાવે બોલાયો હતો.

### આજે ઉમરેઠ વિધાનસભાનુ મતદાન : ૨.૪૫ લાખ જેટલા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે

## જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા સીનીયર સીટીઝન અને દિવ્યાંગ મતદારો માટે નવતર પ્રયોગ: વાહનોમાં લાવવા અને લઈ જવાની સગવડ અપાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

આણંદ જિલ્લાની ૧૧૧ ઉમરેઠ વિધાનસભા બેઠક પર આજે ૨૩ એપ્રિલ ૨૦૨૬ ના રોજ પેટા ચુંટણીનુ મતદાન યોજાશે. તેમજ મતગણતરી આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓની મતગણતરી સાથે હાથ ધરવામાં આવશે. ત્યારબાદ ઉમરેઠ ના નવા પ્રતિનિધિનુ નામ સ્પષ્ટ થશે.

પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના અવસાનથી ખાલી પડેલી આ બેઠક પર ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિત કુલ ૬ ઉમેદવારો ચુંટણી જંગના મેદાનમાં ઉતર્યા છે. આ ચુંટણીમાં કોઈપણ મતદાર મતદાનથી વંચિત ન રહે અને ખાસ કરીને અશકત મતદારો મતદાન કરી શકે તે માટે જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા એક ઐતિહાસિક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. આજે ઉમરેઠ વિધાનસભા વિસ્તારનુ મતદાન સવારે ૭ કલાક થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન પ્રક્રિયા હાથ ધરાશે. જિલ્લા ચુંટણી અધિકારીએ ગરવી



ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ઉમરેઠ વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૨.૪૫ લાખ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. તેમજ ૩૦૬ જેટલા મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે. જયાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. વધુમાં તેમણે કહ્યુ હતુ કે ચુંટણી પંચના આદેશ મુજબ વિધાનસભા મતવિસ્તારમાં આજે જાહેર રજા રાખવામાં આવી છે. જેથી નોકરીયાત વર્ગ પણ સરળતાથી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે.

જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર પ્રવિણ ચૌધરીએ ઉમરેઠ ના મતદારો માટે એક પ્રશંસનીય પહેલ કરી છે. ૮૫ વરસથી વધુ વયના સુપર સીનીયર સીટીઝન અને દિવ્યાંગ મતદારોને મતદાન મથક સુધી લાવવા અને પરત ઘરે મુકવા માટે ૬ સ્પેશ્યલ વાહનો કાર્યરત કરવામાં આવ્યા છે. આ વાહનો દરેક નિર્ધારીત ગામની ગ્રામ પંચાયત કચેરી ખાતે ઉપસ્થિત રહેશે. વધુમાં તેમણે કહ્યુ હતુ કે આ વાહનો માટે ચોકકસ રૂટ અને સમયપત્રક પણ જાહેર કરવામાં આવ્યુ છે. જિલ્લા ચુંટણી અધિકારી પ્રવિણ ચૌધરીએ ઉમરેઠના તમામ ૪૬ ગામડાઓના મતદારોને અપીલ કરી છે કે તંત્ર દ્વારા પુરી પાડવામાં આવેલી આ નિશુલ્ક ટ્રાન્સપોર્ટ સુવિધાનો મહત્તમ લાભ લેવામાં આવે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે અમારૂ લક્ષ્ય એ છે કે ઉમરેઠમાં રેકોર્ડબ્રેક મતદાન થાય અને કોઈપણ શારીરિક મર્યાદા નાગરીકના મતાધિકારના માર્ગ માં અવરોધ ન બને.

આ ચુંટણીમાં ૧૮ થી ૧૯ વરસની વય ધરાવતા ૪૧૭૪ યુવા મતદારો પ્રથમ વખત મતદાન કરશે, ૮૫ વરસ કરતા વધુ વયના સુપર સીનીયર સીટીજન ૧૬૪૪ મતદારો પણ પોતાના મતાધિકારનો પ્રયોગ કરશે. આ ઉપરાંત ૧૫૫૯ જેટલા દિવ્યાંગ મતદારો પણ મતદાન કરશે. આમ ૧૧૧ ઉમરેઠ વિધાનસભા પેટા ચુંટણીમાં ૧,૨૬,૫૪૫ પુરુષ મતદારો, ૧,૧૯,૦૭૨ મહિલા મતદારો અને અન્ય ૬ મતદારો મળીને કુલ ૨,૪૫,૬૨૩ મતદારો આજે પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે અને મતદાન કરશે.

## સરકાર સામે લડવુ હોય તો કયાં તો તમે ચોખ્ખા હોવા જોઈએ: નહી તો લુખ્ખા હોવા જોઈએ પાટણ એમએલએ

પ્રતિનિધિ,ગાંધીનગર

સરકાર કે શાસન સામે લડવુ હોય તો તમે કયાં તો ચોખ્ખા હોવા જોઈએ અથવા તો લુખ્ખા હોવા જોઈએ, નહી તો સરકાર તમારી હાલત ખરાબ કરી શકે છે, આ છે પાટણના કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલના શબ્દો. આ બંને પરીસ્થિતિમાં હોવ તો જ તમે સરકાર કે શાસનની સામે મેદાનમાં ઉતરી શકો છો. તમે લુખ્ખા હોવ તો કોઈ શરમ તમને નડતી નથી, તમે જેલમાં જવા પણ તૈયાર હોવ છો, આ સિવાય જો ઉતરવા ગયા તો તમારી રાજકીય સ્થિતિ જ નહી બધી જ સ્થિતિ સરકાર બગાડી શકે છે.

આમ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં વાતાવરણ વધુ ને વધુ રાજકીય ગરમી પકડી રહ્યુ છે. ત્યારે સત્તાધારી પક્ષ અને વિપક્ષ એક બીજા પર પ્રહાર કરી રહ્યા છે. તેના વચ્ચે કિરીટ પટેલે આ પ્રકારના પ્રહારો સત્તાધારી પક્ષ ભાજપ પર કર્યા હતા. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીનો માહોલ વધુ ગરમ થઈ રહ્યો છે.

ત્રણેય રાજકીય પક્ષોના નેતાઓ એક બીજા વિરૂધ્ધ ભડકાઉ ભાષણો આપીને તોફાનને વેગ આપી રહ્યા છે. આ દરમિયાન પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે એક જાહેરસભા દરમિયાન એક વિવાદાસ્પદ નિવેદન આપ્યુ હતું. જેમાં સરકારની કાર્યપધ્ધતિ અને ભ્રષ્ટાચાર સામે લડવાની તેની વ્યુહરચના પર કટાક્ષ કરવામાં આવ્યો હતો. મતદારો અને કાર્યકરોને સંબોધતા તેમણે સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. કિરીટ પટેલના આ નિવેદનથી પાટણના રાજકારણમાં ખળભળાટ મચી જવા પામ્યો છે અને આ વિડીયો સોશીયલ મીડીયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ગુજરાતમાં ચુંટણી પ્રચાર મંચ પરથી બોલતા પાટણ ના ધારાસભ્ય કિરીટ પટેલે કહ્યુ હતુ કે વર્તમાન વ્યવસ્થામાં, જો તમે સરકાર પાસેથી કામ કરાવવા માંગતા હોવ તો તમારી પાસે ફકત બે જ વિકલ્પો છે. તેમણે વધુમાં કહ્યુ કે જો તમે




સરકાર પાસેથી કામ કરાવવા માંગતા હોવ તો તમારી પાસે સ્વચ્છ છબી હોવી જોઈએ, જો તમારી પાસે સ્વચ્છ છબી હોય અને તમે કંઈ ખોટુ ન કર્યુ હોય તો જ તમે સરકાર સામે મજબુત અવાજ ઉઠાવી શકો છો.

કિરીટ પટેલે વધુમાં કહ્યુ હતુ કે વ્યકિતની કાં તો સ્વચ્છ પ્રતિષ્ઠા હોવી જોઈએ અથવા તે સંપૂર્ણપણે કલંકિત હોવો જોઈએ. તેમના નિવેદનથી સભામાં શાંતિ છવાઈ ગઈ હતી, તેમણે સુચવ્યુ હતુ કે જે લોકો નીડર છે અથવા જેમની પાસે ગુમાવવા માટે કંઈ નથી તેઓ જ સત્તા કે દબાણ સામે ઝુકશે નહી, વિપક્ષી નેતાઓ સામે સરકારી કાર્યવાહીના દુરુપયોગના આરોપો વચ્ચે તેમણે ચેતવણી આપી હતી. જો કોઈની પ્રતિષ્ઠા કલંકીત હોય તો આપણે જાણીએ છીએ કે સરકાર તેમની સાથે શું કરશે ? તેમણે સમજાવ્યુ કે જો ભુતકાળમાં કોઈ ખોટા કામમાં સામેલ થયુ હોય અથવા કોઈ આરોપોનો સામનો કરે તો સરકાર તેમને દબાવવા માટે તેની બધી શકિતનો ઉપયોગ કરે છે તેથી જો કોઈ લડવા માંગે છે તો તેનુ ચારીત્ર્ય સ્વચ્છ હોવુ જરૂરી છે.

## ભાજપની સુરત જેવી હાલત તમે કયારેય નહી જોઈ હોય: સુરતમાં પ્રચાર દરમિયાન ભાજપ નેતાઓ જીવ લઈ ભાગ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરતના અડાજણ વિસ્તારમાં આવેલા ગોરાટ ખાતે હનુમાન મંદિરને લઈને ચાલી રહેલો વિવાદ હવે ઉગ્ર બન્યો છે. અશાંતધારા હેઠળ આવતા આ વિસ્તારમાં રાજકીય તણાવ ત્યારે વધ્યો જયારે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો અને નેતાઓ પ્રચાર માટે પહોચ્યા, સ્થાનિક લોકોએ ભારે વિરોધ દર્શાવી ભાજપના નેતાઓને સોસાયટીમાં પ્રવેશતા અટકાવવાનો પ્રયાસ કર્યો. જેના કારણે બંને પક્ષો વચ્ચે ધકકામુકી સર્જાઈ હતી. આ દરમિયાન વિરોધ કરી રહેલી એક મહિલાને ભાજપના કાર્યકર્તા દ્વારા ધકકો મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. જેના કારણે મહિલા લગભગ પડી ગઈ હતી. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. રોષે ભરાયેલા સ્થાનિકોએ ભાજપના નેતાઓને પ્રચાર કરતા રોકી દીધા હતા અને વિસ્તારમાંથી ચાલ્યા જવાનુ કીધુ હતું. ગો બેક ના નારા સાથે વિરોધ કરવામાં આવ્યો હતો. ગોરાટ હનુમાન મંદિર ચોક ખાતે એક તરફ ભકતો દ્વારા હનુમાન ચાલીસાનો પાઠ ચાલી રહ્યો હતો. તો બીજી તરફ રાજકીય વિરોધ ઉગ્ર બન્યો હતો. ભાજપના નેતાઓ સોસાયટીઓમાં પહોચતા જ ગો બેક ના નારા લગાવી તેમને પાછા જવા મજબુર કર્યા હતા. પ્રચાર દરમિયાન વાતચીતમાં શરૂ થયેલો વિવાદ ઝડપથી ઉગ્ર બની ગયો હતો અને સ્થાનિકો તેમજ ભાજપના કાર્યકર્તાઓ વચ્ચે



બોલાચાલી બાદ ધકકામુકી અને અથડામણના દ્રશ્યો જોવા મળ્યા હતા. વિસ્તારની મહિલાઓએ ભાજપના ઉમેદવાર હર્ષ મહેતા અને અન્ય કાર્યકર્તાઓ પર અભદ્ર વર્તન અને મારામારીના આક્ષેપો કર્યા હતા. મહિલાઓએ દાવો કર્યો હતો કે ધકકામુકી દરમિયાન તેમના કપડા પણ ફાટી ગયા હતા. આ ઘટનાને લઈને વિસ્તારમાં મહિલાઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોના કહેવા પ્રમાણે ગોરાટ વિસ્તારમાં નવા બાંધકામ અને ફલેટ વેચાણને લઈને વિવાદ ચાલી રહ્યો છે. લોકોનો આરોપ છે કે હનુમાન મંદિરને અડીને બનેલા બાંધકામ થી ધાર્મિક સ્થળને ખતરો છે. છેલ્લા ઘણા વરસોથી આ મુદ્દે વિરોધ ચાલી રહ્યો હોવા છતાં યોગ્ય કાર્યવાહી ન થતા લોકોમાં નારાજગી વધી છે. એકતરફ ભકિતનો માહોલ તો બીજી તરફ રાજકીય તણાવ આ બંને વચ્ચે સ્થિતિ તણાવપૂર્ણ બની ગઈ હતી. હાલમાં પોલીસ પરિસ્થિતિ પર નજર રાખી રહી છે.

## બુલેટ ટ્રેન પરિયોજના અંતર્ગત બ્લોકના કારણે અમદાવાદ મંડળમાંથી ચાલતી/પસાર થતી ટ્રેનો પ્રભાવિત

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાઓમાં સુધારો તથા રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત બનાવવા માટે, બુલેટ ટ્રેન પરિયોજના અંતર્ગત ગેરતપુર–અમદાવાદ ખંડ પર ચોથા પ્રીકાસ્ટેડ પોર્ટલ બીમના લોન્ચિંગ કાર્ય માટે તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ ટ્રાફિક બ્લોક લેવામાં આવશે.

આ મહત્વપૂર્ણ એન્જિનિયરિંગ કાર્યને કારણે નિમ્નલિખિત ટ્રેન સેવાઓ પ્રભાવિત રહેશે:

● શોર્ટ ટર્મિનેશન/ઓરિજિનેશન ટ્રેનો

★ ટ્રેન સંખ્યા ૨૦૯૦૨ ગાંધીનગર કેપિટલ–મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસને તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ અમદાવાદ સ્ટેશનથી શરૂ કરવામાં આવશે અને ગાંધીનગર કેપિટલ–અમદાવાદ વચ્ચે રદ રહેશે.

★ ટ્રેન સંખ્યા ૨૦૯૦૧ મુંબઈ સેન્ટ્રલ–ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસને તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ વટવા સ્ટેશન પર સમાપ્ત (શોર્ટ ટર્મિનેટ) કરવામાં આવશે અને વટવા–ગાંધીનગર કેપિટલ વચ્ચે રદ રહેશે.

● પુન:નિર્ધારણ (Rescheduling)

★ ટ્રેન સંખ્યા ૧૨૦૦૯ મુંબઈ સેન્ટ્રલ–અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ તા.૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ મુંબઈ સેન્ટ્રલથી ૧ કલાક ૧૫ મિનિટ મોડી રવાના થશે.

● રદ ટ્રેનો (Cancelled Trains)

★ ટ્રેન સંખ્યા ૬૯૧૦૨ વટવા–વડોદરા મેમૂ તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ રદ રહેશે.

★ ટ્રેન સંખ્યા ૬૯૧૧૫ વડોદરા–વટવા મેમૂ તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ રદ રહેશે.

★ ટ્રેન સંખ્યા ૨૨૯૫૯ વડોદરા–જામનગર ઈન્ટરસિટી તા. ૨૩ એપ્રિલ ૨૦૨૬ના રોજ રદ રહેશે.

★ ટ્રેન સંખ્યા ૨૨૯૬૦ જામનગર–વડોદરા ઈન્ટરસિટી તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ રદ રહેશે.

● આંશિક રદ (Partially Cancellation)

ટ્રેન સંખ્યા ૧૯૦૩૩ વલસાડ–અમદાવાદ ગુજરાત ક્વીન તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ વડોદરા–અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

● ટ્રેનોનું નિયંત્રણ (Regulation of Trains)

★ ટ્રેન સંખ્યા ૧૯૪૮૪ આસનસોલ–અમદાવાદ એક્સપ્રેસ તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ વડોદરા મંડળમાં ૧ કલાક ૪૦ મિનિટ રેગુલેટ કરવામાં આવશે.

★ ટ્રેન સંખ્યા ૧૨૮૩૪ હાવડા–અમદાવાદ એક્સપ્રેસ તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ વડોદરા મંડળમાં ૧ કલાક ૪૦ મિનિટ રેગુલેટ કરવામાં આવશે.

★ ટ્રેન સંખ્યા ૧૨૭૫૫ કાકીનાડા પોર્ટ–ભાવનગર સુપરફાસ્ટ એક્સપ્રેસ તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ વડોદરા મંડળમાં અંદાજે ૪૫ મિનિટ રેગુલેટ કરવામાં આવશે.

★ ટ્રેન સંખ્યા ૧૨૪૭૪ શ્રી માતા વૈષ્ણો દેવી કટરા–ગાંધીધામ એક્સપ્રેસ તા. ૨૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ વડોદરા મંડળમાં ૧ કલાક ૪૫ મિનિટ રેગુલેટ કરવામાં આવશે.

મુસાફરોને વિનંતી છે કે ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય અપડેટ માહિતી માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.

## સુરતમાં માતાના પાસે સૂતેલી ત્રણ વર્ષની બાળકીનું અપહરણ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

શહેરમાં ચકચાર મચાવતી એક ગંભીર ઘટના સામે આવી છે. કાપોદ્રા વિસ્તારમાં આવેલા નાના વરાછા બ્રિજ નીચે ફૂટપાથ પર સૂતેલી માતાના પડખામાંથી માત્ર ૩ વર્ષની બાળકીનું અપહરણ કરવામાં આવ્યું છે. આ ઘટનાએ શહેરમાં ભય અને ચિંતા ફેલાવી દીધી છે. આ ઘટના રાત્રે લગભગ ૯:૦૦ વાગ્યાના અરસામાં બની હતી. બાળકી તેની માતા સાથે બ્રિજ નીચે આવેલા શૌચાલય પાસેના ફૂટપાથ પર સૂઈ રહી હતી. અહીં લગભગ ૫૦ જેટલા ઘર વિહોણા લોકો રહેતા હોવાની માહિતી સામે આવી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, આશરે ૩૦ વર્ષનો એક શખ્સ મજૂર જેવા વેશમાં આવીને બાળકીનું અપહરણ કરી ભાગી ગયો હતો. માતાને ઘટનાની ખબર પડતાં જ ચીસોચીસ મચી ગઈ હતી. પોલીસે આસપાસના સીસીટીવી કેમેરા ચેક કરતા આરોપી બાળકી સાથે જતો દેખાયો હતો. વધુ તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપી સુરત રેલવે સ્ટેશન સુધી પહોંચી ગયો હતો. સીસીટીવી ટ્રેકિંગ મુજબ, આરોપી બાળકી સાથે ટ્રેનમાં બેસી ગયો હોવાની માહિતી મળી છે.

## જામનગરમાં ખોડિયાર કોલોની વિસ્તારમાં ધોળે દહાડે ઘરફોડ ચોરીની ઘટના

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર શહેરના ખોડિયાર કોલોની વિસ્તારમાં આવેલ એક ફ્લેટમાં કોઈ તસ્કરોએ ધોળે દહાડે તાળું તોડી ઘરમાં પ્રવેશ કરી રોકડ રકમ ચોરી જવાના બનાવે ચકચાર મચાવી છે.

જામનગરના સીટી 'સી' ડીવી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૩૦૫(એ) અને ૩૩૧(૩) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં ફરિયાદી ક્રુણાલભાઈ વિનુભાઈ મેસીયા (ઉ.વ.૩૦), હાલ રહે. ખોડિયાર કોલોની, અર્ચના એપાર્ટમેન્ટ, જામનગર દ્વારા નોંધાવેલી ફરિયાદ મુજબ, તા.૧૮/૦૪/૨૦૨૬ના બપોરે ૩.૦૦ થી સાંજે ૭.૦૦ વાગ્યા વચ્ચે કોઈ અજાણ્યો ચોર મુખ્ય દરવાજાનું તાળું તોડી તેમના મકાનમાં પ્રવેશ્યો હતો.

ચોરે ઘરમાં રહેલા કબાટમાંથી પ્લાસ્ટિકના ડબ્બામાં રાખેલ અંદાજે રૂપિયા ૮૦,૦૦૦ રોકડ રકમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે, અને અજાણ્યા આરોપી સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

# પશ્ચિમ બંગાળમાં જો એકપણ લાયક મતદારને મતાધિકારથી વંચિત રખાશે તો એ લોકશાહીનું ખૂન હશે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

પશ્ચિમ બંગાળમાં મતદાનને આડે હવે માત્ર ગણતરીના કલાકો બાકી રહયા છે ત્યારે ચૂંટણી પંચના અણઘડ વહીવટ અથવા તો "કોઈના " ઈશારે કામ કરવાની તેની બિન તટસ્થતાને કારણે લોકશાહીના મુખ્ય સ્તંભ સમાન "મતદાન" થી લાખો નાગરિકો વંચિત રહે એવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. આમેય પશ્ચિમ બંગાળની ચૂંટણી બે પરસ્પર વિરોધી વિચારધારા વચ્ચેની મુખ્ય લડાઈ છે અને સમગ્ર દેશની તેની ઉપર નજર છે ત્યારે આ મહત્વની નિર્ણાયક ચૂંટણીમાં જો લાયક એવા લાખો મતદારોને એમના પવિત્ર બંધારણીય મતાધિકાર થી વંચિત રહેવું પડે તો એ ખરેખર લોકશાહી માટે લાંછનરૂપ ઘટના ગણાશે. અને એ પણ સવાલ છે કે જો લાખો પાત્ર મતદારો ચૂંટણી પંચની અણઘડતાને કારણે પોતાના મતાધિકારનો ઉપયોગ ન કરી શકે અને તેનાથી જે પરિણામ આવશે તો એ ચૂંટણી પરિણામને યોગ્ય વ્યાજબી કે સાચું માની શકાય ખરું??

મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ની પ્રક્રિયા ને કારણે પશ્ચિમ બંગાળ માં ઊભી થયેલી જટિલતાઓએ એવી આશંકા ઊભી કરી છે કે લાખો મતદારો તેમના મતાધિકારથી વંચિત રહી શકે છે. અને આ મુદા અંગે રાજયભરમાં લોકોનો રોષ પણ જોવા મળ્યો છે ત્યારે પ્રશ્ન એ છે કે જો કોઈપણ કારણોસર જે મતદારો પછીથી લાયક સાબિત થાય કે જેમને મતદાન કરવાથી અટકાવવામાં આવે છે તો એના માટે કોને જવાબદાર ગણવામાં આવશે?

સમસ્યા એ છે કે પશ્ચિમ બંગાળમાં મતદાન ૨૩ અને ૨૯ એપ્રિલના રોજ થવાનું છે. છતાં હાલમાં મોટી સંખ્યામાં નાગરિકો મતદાર યાદીમાંથી બાકાત રખાયા છે. લોકોના મતદાનના અધિકારનું રક્ષણ કરવા માટે રચાયેલ પ્રક્રિયા અંગે ઉઠાવવામાં આવેલા પ્રશ્નો લોકશાહી અને બંધારણીય અધિકારોના દ્રષ્ટિકોણથી ખૂબ જ દુઃખદ છે. બહુ ઓછા લોકો આ વાત સાથે અસંમત થશે કે કોઈપણ અયોગ્ય વ્યકિતને મતદાનનો અધિકાર ન આપવો જોઈએ. ત્યારે આજ ધારાધોરણ મુજબ ખરેખર લાયક કોઈપણ મતદારને ફકત તકનીકી સૂક્ષ્મતા અને જટિલતાઓના આધારે તેના મતદાનના અધિકારોથી વંચિત ન જ રાખવો જોઈએ.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં

# BJPના ઉમેદવારોમાં છે BJPના પટાવાળા, સ્કુલ વેનના ડ્રાઈવર, રિક્ષાવાળા અને BJPના કાર્યલયમાં જ ચા બનાવનારાઓ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આ વખતે અનામત વર્ગની બેઠકો પર સામાન્ય, ગરીબ અને શ્રમજીવી વર્ગને ઉમેદવારી કરવા મળી છે અને રાજકીય પક્ષોએ આ ઉમેદવારોને પસંદ કર્યા છે. અમદાવાદમાં વિશ્વ વિખ્યાત ગુર્જરી બજાર તરીકે ઓળખાતી રવિવારી બજારમાં પાથરણું પાથરીને ધંધો કરતાં આશા દંતાણીને કોંગ્રેસ તથા કલોલની ફેકટરીમાં ઝાડુ પોતું કરતાં ઉષા ચૌહાણને, મહેસાણામાં BJPના કાર્યલયમાં પટાવાળા તરીકે કામ કરતાં રમેશચંદ્ર ભીલને ,વડોદરાના સ્કુલવેનના ડ્રાઈવર ભૂપેન્દ્ર માછીને અને અમદાવાદના રિક્ષા ડ્રાઈવર દશરથ પટણીને BJP એ ઉમેદવાર બનાવ્યા છે.

તો બીજી તરફ ઘરનાજ લોકોને આમને-સામને ચૂંટણી જંગમાં ઝુકાવ્યું છે.સુરેન્દ્રનગરમાં સાસુ આમ આદમી પાર્ટી (AAP) માંથી અને પુત્રવધુ BJP માંથી ચૂંટણી લડી રહ્યા છે. અમરેલીમાં દેરાણી અને જેઠાણીએ ચૂંટણી જંગમાં સામસામે ઝુકાવ્યું છે. જેઠાણી BJP માંથી તો દેરાણી કોંગ્રેસમાંથી ચૂંટણી લડી રહ્યા છે.

અન્ય માં કોલેજીયનો પણ ચૂંટણી મેદાનમાં ચૂંટણી લડવાના મૂડમાં છે. ભાવનગરની કોલેજ-ગર્લ આર્ચી કુકડિયા કોંગ્રેસમાંથી ચૂંટણી લડી રહી છે તો બગસરા રહેતી અને નર્સિંગનો અભ્યાસ કરતી વિશ્વા નકુમ BJPની ઉમેદવાર તરીકે ચૂંટણી જંગમાં ઊભી છે.

આમ આ સમયની નગર પાલિકા, મહાનગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની થઈ રહેલી ચૂંટણીઓના પરિણામો કદાચ ચવચવ નો મુરબ્બો જેવા ચોંકાવનારા આવશે તો તોડજોડની રાજનીતિ ને વધુ વેગ મળશે અને "જીસકે તડ મે લડુ ઉસકે તડ મે હમ" એવો ઘાટ થાય નહીં તો જ નવાઈ??

# બાપુનગર હોમગાર્ડની કચેરીમાં બેલેટ પેપર ખુલ્લી હાલતમાં મળી આવતા ચકચાર

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ગરમાયેલા માહોલ વચ્ચે ચુંટણીની કામગીરી અને બંદોબસ્તમાં વ્યસ્ત સરકારી તથા અર્ધ સરકારી કર્મચારીઓ માટે બેલેટ પેપર દ્વારા મતદાન કરવાની વ્યવસ્થા કરાઈ હતી. જો કે આ વ્યવસ્થામાં ક્ષતિ દર્શાવતો એક વિડીયો સોશીયલ મીડીયામાં વાયરલ થયો હતો.



બાપુનગર સ્થિત હોમગાર્ડની કચેરીમાં રખાયેલા બેલેટ પેપર ખુલ્લી હાલતમાં હોવાનો વિડીયો કોંગ્રેસના અગ્રણી નાગજી દેસાઈએ સોશીયલ મીડીયા પર મુકયો હતો.

શહેરના બાપુનગર વિસ્તારની હોમગાર્ડ ડીવીઝનની કચેરીમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે બેલેટ પેપર દ્વારા થતા મતદાનમાં મતોની ચોરી થતી હોવાના આક્ષેપ સાથેનો વિડીયો વાયરલ થયો હતો. આ ઘટનાની જાણ થતા જ નાગજી દેસાઈ સહિતના અન્ય કાર્યકરો મોટી સંખ્યામાં વિરોધ નોંધાવવા બાપુનગર હોમગાર્ડ ડીવીઝનની કચેરીએ પહોચ્યા હતા.

વિડીયોમાં સ્પષ્ટ દેખાયુ હતુ કે ચુંટણીપંચના અધિકારીઓની ગેરહાજરીમાં રાત્રીના સમયે બેલેટ પેપર ખુલ્લી હાલતમાં પડયા હતા. જે અનેક શંકાઓ જન્માવે છે.

નોંધનીય છે કે હોમગાર્ડના જવાનોને સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં બંદોબસ્તમાં તૈનાત કરવાના હોવાથી તેઓએ બેલેટ પેપર થી મતદાન કરવાનુ હોય છે. તેવામાં હોમગાર્ડની કચેરીમાં બેલેટ પેપર બિનવારસી હાલતમાં હોવા અને તેમાં પણ નાગજી દેસાઈએ કરેલા આક્ષેપોને પગલે અનેક તર્ક વિતર્ક સર્જાયા છે.

મામલાની ગંભીરતાને ધ્યાને રાખી બાપુનગર પોલીસનો કાફલો તાત્કાલીક ઘટના સ્થળે પહોચ્યો હતો અને સમગ્ર પ્રકરણની તપાસ શરૂ કરી હતી.

ઘટના અંગેનો વિડીયો સોશીયલ મીડીયામાં પ્રસારીત થતા જ સ્થાનિક પોલીસને સુચના આપી દેવામાં આવી હતી.

બાપુનગર પોલીસ ઘટના સ્થળે પહોચીને સમગ્ર વિગતો મેળવી રહી છે. આ ઉપરાંત પોલીસે ચુંટણીપંચના સત્તાધિકારીઓને આ બાબતથી વાકેફ કર્યા હતા.

# ચુંટણીમાં ટીકીટ ન મળતા ગુજરાતના ૪૦ લાખ રઘુવંશીઓ ભાજપ વિરૂધ્ધ મતદાન કરશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજકોટ માં સ્થાનિક સ્વરાજયની ચુંટણી નજીક આવતા રાજકીય માહોલ ગરમાયો છે. આ વચ્ચે રઘુવંશી સમાજે ટીકીટ ફાળવણી મુદે ભારતીય જનતા પાર્ટી સામે ખુલ્લો વિરોધ નોંધાવ્યો છે. ૧૮ એપ્રિલે રઘુવંશી યુવા શકિતસંઘ ના નેતૃત્વ હેઠળ યોજાયેલી સભામાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે પશ્ચિમ વિધાનસભાની ધારાસભ્ય ડો.દર્શિતા શાહ એ પોતાના સ્વાર્થ માટે વોર્ડ નં. ૧, ૨ અને ૩ માં સમાજના ઉમેદવારોની ટીકીટ કાપી છે. સભામાં ઉગ્ર વિરોધ જોવા મળ્યો હતો. જયાં ડો.દર્શિતાબેન શાહ હાય હાય, જયાં રઘુવંશી ઉમેદવાર નથી ત્યાં નોટા અને ટીકીટ અમારી કાપી,




ભુલ તમે મોટી કરી , જેવા સુત્રો સાથે પ્લે કાર્ડ લઈને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતું.

સમાજના આગેવાનોએ ચેતવણી આપી હતી કે જો આ પ્રકારનો અન્યાય ચાલુ રહેશે તો ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીમાં લાખો રઘુવંશી મતદારો ભાજપ વિરૂધ્ધ મતદાન કરશે. રઘુવંશી યુવા શકિત સંઘના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ કે ડી રઘુવંશીએ જણાવ્યુ હતુ કે સ્થાનિક ચુંટણીમાં સમાજની અવગણના કરવામાં આવી છે. જેના વિરોધમાં રઘુવંશી સ્વાભિમાન સંમેલન યોજાયુ છે.

તેમણે વધુમાં કહ્યુ હતુ કે સમાજના તમામ અગ્રણીઓએ એક મત થી નિર્ણય લીધો છે કે આ વખતે ભાજપને મત નહી આપવામાં આવે. કે ડી રઘુવંશીએ વધુમાં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ પર આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે રઘુવંશી સમાજના મજબુત વિસ્તારોમાંથી ટીકીટો કાપવામાં આવી છે. તેમણે ચેતવણી આપતા કહ્યુ હતુ કે સમાજ હવે જાગૃત થયો છે અને સમય આવતા યોગ્ય જવાબ આપશે.

ગુજરાત પ્રભારી કુલદીપ રઘુવંશીએ પણ પોતાના ભાષણમાં હક્ક માટે લડવાની જરૂરીયાત પર ભાર મુકયો હતો.

તેમણે સવાલ કર્યો હતો કે શું માત્ર થોડા ઉમેદવારો મોટી સંખ્યામાં રહેલા રઘુવંશી સમાજનુ યોગ્ય પ્રતિનિધિત્વ કરી શકે ? અંતમાં સભામાં હાજર લોકોએ એકતાથી અન્યાય સામે લડત આપવાની અને જાગૃત મતદાન કરવાની અપીલ કરી હતી.

# વડોદરામાં ચુંટણીમાં ફરજ બજાવનારા પોલીસકર્મીઓએ કર્યુ મતદાનઃ પોલીસ હેડકવાર્ટર ખાતે કરાયુ વિશેષ આયોજન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વડોદરામાં આગામી રવિવારે યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં ફરજ બજાવનારા પોલીસ અધિકારીઓ, જવાનો અને હોમગાર્ડસ માટે આજે બુધવારે પ્રતાપનગર પોલીસ હેડકવાર્ટર ખાતે પોસ્ટલ બેલેટ મતદાનનુ વિશેષ આયોજન કરવામાં આવ્યુ હતું.

ચુંટણીના દિવસે બંદોબસ્તમાં વ્યસ્ત રહેવાના કારણે આ સુરક્ષા કર્મીઓ પોતાના મતાધિકારથી વંચિત ન રહી જાય તે હેતુથી હાથ ધરાયેલી આ પ્રક્રિયામાં ૪ હજાર થી વધુ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વહેલી સવાર થી જ મતદાન કેન્દ્ર પર જવાનોની લાંબી લાઈનો જોવા મળી હતી. જયાં તમામ અધિકારીઓ અને જવાનોએ લોકશાહીના પર્વમાં પોતાની નાગરીક ફરજ બજાવી બેલેટ પેપર મારફતે મતદાન કર્યુ હતું.




# હાઈકોર્ટે જોખમી એમોનિયમ નાઈટ્રેટનો સંગ્રહ કરતા યુનિટોમાં સલામતીના ધોરણોનુ પાલન થતુ ન હોવા અંગેની એક પીઆઈએલ પર સુનાવણી કરી

તમે કલેકટર છો છતાં તમે એક અભણ માણસ છો : ગુજરાત હાઈકોર્ટે ભરૂચ ના કલેકટરને કેમ ફટકાર લગાવી?

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટે ભરૂચ જિલ્લા કલેકટરને સખત ફટકાર લગાવતા કહ્યુ હતુ કે તમે કલેકટર છો, છતાં તમે એક અભણ માણસ છો, તમારે જે નિયમોનુ પાલન કરવુ જોઈએ તેનાથી તમે અજાણ છો, તમને તમારી પોતાની સત્તાઓની પણ ખબર નથી, એક જાહેર હિતની અરજીના સંદર્ભમાં જવાબમાં અસ્પષ્ટ સોગંદનામુ દાખલ કરવા બદલ આ ટીપ્પણી કરી હતી.

બાર અને બેંચના અહેવાલ મુજબ એમોનિયમ નાઈટ્રેટ સ્ટોરેજ યુનિટ્સ દ્વારા સલામતી નિયમોના ઉલ્લંઘન થતુ હોવાનો આક્ષેપ કરતી પીઆઈએલની સુનાવણીમાં મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ અને ન્યાયાધીશ ડી એન રાય ની બનેલી બેંચે ઉપરોકત ટીપ્પણી કરી હતી. કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં આરોપ મુકવામાં આવ્યો હતો કે જિલ્લાની અંદરના ઔદ્યોગિક એકમોમાં વિસ્ફોટક એવા એમોનિયમ નાઈટ્રેટનો સંગ્રહ કરવામાં જરૂરી સલામતી નિયમોનુ ઉલ્લંઘન થઈ રહ્યુ છે. ઉલ્લેખનીય છે કે એમોનિયમ નાઈટ્રેટ ને ભારતીય કાયદા હેઠળ જોખમી પદાર્થ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યુ છે. તે ભોપાલ ગેસ દુર્ઘટનાના પગલે ઘડવામાં આવેલા જોખમી રસાયણોના ઉત્પાદન, સંગ્રહ અને આયાત નિયમો, ૧૯૮૯ હેઠળ સુચીબધ્ધ છે.

અરજી અનુસાર આ નિયમો કડક લાઈસન્સિગ શાસનને ફરજીયાત બનાવે છે. વધુમાં તેના ઉત્પાદન, સંગ્રહ, પરીવહન અને હેન્ડલીંગ માટે વિગતવાર સલામતી પ્રોટોકોલ સુચવવામાં આવ્યા છે. કારણ કે તે ખુબ જ વિસ્ફોટક પદાર્થ છે. અરજી મુજબ આ નિયમોનો અમલ મુખ્યત્વે મુખ્ય વસ્ફોટકો નિયંત્રક (પેટ્રોલીયમ અને વિસ્ફોટક સલામતી સંગઠન હેઠળ કાર્યરત ) જિલ્લા મેજીસ્ટ્રેટ અને સ્થાનિક પોલીસના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે.



અરજીમાં ચેતવણી આપવામાં આવી હતી કે નિયમોનુ પાલન કરવામાં કોઈપણ ભુલ ના વિનાશક પરીણામો આવી શકે છે. ખાસ કરીને ગીચ ઔદ્યોગિક વિસ્તારોમાં જયાં મોટા પ્રમાણમાં એમોનિયમ નાઈટ્રેટ નો ઉપયોગ અન્ય જોખમી કામગીરી અને રહેણાંક વિસ્તારોની નજીક કરવામાં આવે છે. હાઈકોર્ટે કલેકટર દ્વારા રજુ કરાયેલા સોગંદનામાને ફગાવી દીધો હતો. જેમાં નોંધ્યુ હતુ કે ૨૦૧૨ ના નિયમો પહેલા પણ એમોનિયમ નાઈટ્રેટ એમોનિયમ નાઈટ્રેટ વિસ્ફોટકો નિયમો, ૨૦૦૮ ના નિયમનકારી દાયરામાં આવતુ હતું. જુના એકમોને લાગુ પડતા સલામતીના ધોરણોને અવગણી શકાય નહી. કોર્ટે પ્રશ્ન ઉઠાવ્યો કે શું રાજયએ અગાઉના અહેવાલો અંગે કોઈપણ પગલા લીધા હતા જેમાં આ ધોરણોનો ઉલ્લંઘન જાહેર થયુ હતું.

આ બાબત અંગે સોગંદનામામા આપેલુ નિવેદન અસ્પષ્ટ માનવામાં આવ્યુ હતું. કારણ કે તેમાં સ્પષ્ટપણે જણાવાયુ ન હતુ કે ચોકકસ એકમ નિર્ધારીત સલામતી ધોરણોનુ પાલન કરતુ નથી. જિલ્લા કલેકટર દ્વારા રજુ કરાયેલા સત્તાવાર રેકોર્ડ કે સોગંદનામામા કોઈ સંકેત નથી કે જિલ્લા મેજીસ્ટ્રેટ કે કલેકટરે ૧૯ માર્ચ ૨૦૨૫ અને ૨૩ માર્ચ ૨૦૨૬ ના અહેવાલો અનુસાર કોઈ કાર્યવાહી કરી છે. અધિકારીઓ દ્વારા રજુ કરાયેલા નવા અહેવાલ અંગે કોર્ટે શંકા વ્યકત કરી નોંધ્યુ હતુ કે તે કોઈપણ પર્યાપ્ત સમજુતી આપ્યા વિના ઉલ્લંઘન અંગેના અગાઉના તારણોનો વિરોધાભાસ કરે છે. વધુમાં કોર્ટે રાજયના વકીલની આ પ્રકારનુ અસ્પષ્ટ સોગંદનામા દાખલ કરવા બદલ ટીકા કરી હતી. કોર્ટે ટીપ્પણી કરી હતી કે આ પ્રકારના સોગંદનામા દાખલ કરીને તમે અસરકારક રીતે અધિકારીઓ માટે પ્રવકતા તરીકે કામ કરો છો, જયારે તમારી ભુમિકા કાનુની સલાહકારની છે. કોર્ટે વધુમાં જણાવ્યુ હતુ કે અમે ધીરજ રાખી રહ્યા છીએ તેનો અર્થ એ નથી કે તમે અમને હળવાશથી લઈ શકો છો. જયારે વકીલે સોગંદનામુ પાછુ ખેંચવાની અને તેના સ્થાને નવુ સોગંદનામુ દાખલ કરવાની પરવાનગી માગી ત્યારે કોર્ટે આવી પરવાનગી આપવાનો ઈન્કાર કર્યો હતો. કોર્ટે ભારપૂર્વક જણાવ્યુ હતુ કે અમે તમને આ રીતે તેને પાછો ખેંચવાની મંજુરી આપીશુ નહી, મુખ્ય મુદ્દો ફકત એ ન હતો કે કયા ચોકકસ નિયમો લાગુ પડે છે. પરંતુ વિસ્ફોટકોના સંગ્રહ માટે નિર્ધારીત સલામતી ધોરણોનુ ખરેખર પાલન કરવામાં આવ્યુ છે કે નહી,

ત્યારબાદ હાઈકોર્ટે અંકલેશ્વરના મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ને નિયમોને ધ્યાનમાં રાખીને એકમોનુ નવેસરથી નિરીક્ષણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે કલેકટરને આ તારણોની સ્વતંત્ર રીતે ચકાસણી કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. જો કોઈ ઉલ્લંઘન જોવા મળે તો કરવામાં આવેલી કાર્યવાહીના અહેવાલ સાથે એક નવુ સોગંદનામુ દાખલ કરવાનુ રહેશે. આ મામલે આગામી સુનાવણી જુનમાં હાથ ધરાશે.

રાજય ચુંટણી પંચે કરી લાલ આંખઃ

# સોશીયલ મીડીયા કેમ્પેઈન પાછળ થતા લાખોના ખર્ચનો હિસાબ નોંધાવવો હવે થયો ફરજીયાત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો ધમધમાટ તેજ થયો છે. ત્યારે રાજય ચુંટણીપંચે લાલ આંખ કરી કેટલાક નિયમો કડક બનાવ્યા છે. ચુંટણીપંચે ચુંટણી પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા માટે એક મોટો અને મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.




ગાંધીનગર થી મળેલી વિગતો અનુસાર હવે રાજકીય પક્ષો અને ઉમેદવારોએ સોશીયલ મીડીયા પર કરવામાં આવતા પ્રચારનો હિસાબ પણ ફરજીયાતપણે આપવો પડશે. આ આદેશને કારણે હવે ડીઝીટલ પ્લેટફોર્મ પર થતા ખર્ચ પર પણ પંચ ની સીધી નજર રહેશે. વર્તમાન સમયમાં ચુંટણી પ્રચાર માત્ર રેલીઓ કે સભાઓ સુધી મર્યાદીત રહ્યો નથી, પરંતુ ફેસબુક, ઈન્સ્ટ્રાગ્રામ અને યુટયુબ જેવા સોશીયલ મીડીયા પ્લેટફોર્મસ પ્રચારનુ મુખ્ય હથિયાર બન્યા છે. ઉમેદવારો આ પ્લેટફોર્મ પર મોટા પાયે જાહેરાતો અને કેમ્પેઈન ચલાવતા હોય છે.

આ પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને ચુંટણીપંચે સ્પષ્ટ કહ્યુ છે કે ડીઝીટલ માધ્યમો પાછળ થતો તમામ ખર્ચ હવે ઉમેદવારના સત્તાવાર ચુંટણી ખર્ચમાં ગણવામાં આવશે. ચુંટણીપંચના નવા આદેશ મુજબ ઉમેદવારોએ પેઈડ એડવર્ટાઈઝમેન્ટ, સોશીયલ મીડીયા મેનેજમેન્ટ અને ડીઝીટલ સામગ્રી બનાવવા પાછળ થયેલા ખર્ચની વિગતો નોંધાવવી પડશે. આ નિર્ણયનો મુખ્ય હેતુ ચુંટણીમાં થતા બિનહિસાબી ખર્ચ પર રોક લગાડવાનો અને દરેક ઉમેદવાર માટે સમાન તક પુરી પાડવાનો છે.

આ નવા નિયમથી આગામી ચુંટણીમાં સોશીયલ મીડીયાના દુરુપયોગ પર પણ લગામ લાગશે તેવી શકયતા છે.

# રાજુલાના ભાક્ષી ગામે પ્રેમ સંબંધમાં ખૂની ખેલ ખેલાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ભાક્ષી ગામે પ્રેમ સંબંધના મામલે કરુણ અંજામ આવ્યો છે. પોતાની જ કુટુંબી ભત્રીજીને ભગાડી જનાર યુવક પર જૂની અદાવત રાખીને જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.મૃતક દિનેશ સોલંકીને પોતાના જ કુટુંબની એક યુવતી સાથે પ્રેમ સંબંધ હતો. અંદાજે એકાદ વર્ષ પહેલા દિનેશ આ યુવતીને ભગાડી ગયો હતો. જે વાતનો ખાર રાખીને યુવતીના પરિવારજનો તેની શોધમાં હતા. જો કે એક દિવસ આ યુવક અંગેની ભાળ મળતા યુવતીનાં પરિવારના લોકોએ તેના પર હુમલાનું ષડયંત્ર રચ્યું હતું.

ઘટનાની વિગતો મુજબ, ચારેક દિવસ પહેલા દિનેશ સોલંકી ભાક્ષી ગામે પોતાના ખેતરમાં સૂતો હતો. તે સમયે અચાનક ત્રણ શખસો ત્યાં ધસી આવ્યા હતા અને સૂતેલા દિનેશ પર હિંસક હુમલો કર્યો હતો. હુમલાખોરોએ પટ્ટા અને દોરી વડે દિનેશને અસહ્ય માર માર્યો હતો. હુમલામાં ગંભીર ઈજાઓ થતાં દિનેશને તાત્કાલિક અમરેલી ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન દિનેશ સોલંકીનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું.યુવકના મોત બાદ આ કેસ હવે હત્યામાં પલટાયો છે. રાજુલા પોલીસે આ મામલે ત્રણ શખસો સામે હત્યાનો ગુનો નોંધીને તેમને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. પ્રેમ સંબંધમાં પરિવારની આબરૂ જતી હોવાના રોષમાં થયેલી આ હત્યાએ પંથકમાં ચકચાર મચાવી દીધી છે.

# સાબરકાંઠા જિલ્લા ભાજપ હોદ્દેદારોની બેઠક યોજાઈઃ પ્રદેશ ભાજપ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટ ની ઉપસ્થિતિમાં ચુંટણી અંગે માર્ગદર્શન અપાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સ્થાનિક સ્વરાજયની ચુંટણીના ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે આજે બુધવારે પ્રદેશ ભાજપ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટનો સાબરકાંઠા જિલ્લામાં ચુંટણી પ્રવાસ માં રોકાયા હતા.

જે અંતર્ગત આજે જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે વિવિધ વોર્ડ માં પ્રચાર / જાહેરસભા યોજાઈ હતી એ અગાઉ જિલ્લા સંગઠનના હોદ્દેદારો, મંડલ પ્રભારી, ચુંટણી ઈન્ચાર્જ, સહ ઈન્ચાર્જ સાથે બેઠક યોજાઈ હતી.

પ્રદેશ ભાજપ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટે જણાવ્યુ હતુ કે સંગઠન મજબુત કરવાની સાથે આપણે સતત પ્રજા વચ્ચે છીએ તેથી ચુંટણી જીતીએ છીએ, તેમણે ચુંટણી અંગે સમિક્ષા કરી હતી, આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, સંગઠન પ્રભારી બ્રિજરાજસિંહ ઝાલા, જિલ્લા મહામંત્રી પ્રેમલ દેસાઈ, બિપીન




ઓઝા, ચુંટણી ઈન્ચાર્જ તખતસિંહ હડીયોલ, મહેન્દ્રસિંહ રહેવર સહિત જિલ્લાના અપેક્ષિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.